**સુવિચાર**
જે માણસનાં મનમાં પ્રેમ, સત્ય, દયા, આનંદ, સરળતા, સમતા વગેરે ગુણો વસેલા છે તેજ સાચા અર્થમાં સુંદર છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૧૧/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૮૦

## સમગ્ર જિલ્લામાં શોભાયાત્રા, મહાપ્રસાદ, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા

# અમરેલી જિલ્લામાં પૂ. જલારામબાપાનાં પ્રાગટ્ય દિવસની આસ્થાભેર ઉજવણી

રાજકોટ જિલ્લાનાં ગાગર જેવડા વિરપુર ગામમાં જન્મ લઈને સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ થયેલ પૂ. બાપાનાં ચરણોમાં શત્ શત્ વંદન કરાયા

પૂ. જલારામબાપાનાં ૨૨૪માં પ્રાગટ્ય દિવસે આબાલ-વૃધ્ધ, ગરીબ-અમીર સહિત તમામ ધર્મપ્રેમીઓમાં ભક્તિનાં ઘોડાપુર

છેલ્લા ૨૪ વર્ષથી વિરપુરધામમાં કોઈપણ પ્રકારની આર્થિક ભેટ કે અન્ય સોગાદનો થાય છે અસ્વીકાર

જિલ્લાનાં રઘુવંશી સમાજ દ્વારા આયોજિત પ્રાગટ્ય દિવસની ઉજવણીમાં દરેક ક્ષેત્રનાં આગેવાનો જોડાયા





અમરેલી, તા. ૨૦
અમરેલી જિલ્લામાં રવિવારે સંત શિરોમણી પૂ. જલારામબાપાનાં ૨૨૪માં પ્રાગટ્ય દિવસની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સાવરકુંડલા, વડિયા, બગસરા, બાબરા, લીલીયા, ધારી, ચલાલા સહિતનાં શહેરોમાં અલૌકિક દર્શન, શોભાયાત્રા, મહાઆરતી અને મહા પ્રસાદ સહિતનાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.
અમરેલી ખાતે બપોરનાં ૪ કલાકે લીલીયા માર્ગ ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જેમાં રઘુવંશી સમાજનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળા, એડવોકેટ રાજેશ રૂપારેલ, વેપારી અગ્રણી સંજય વણઝારા, દિનેશ પોપટ સહિતનાં આગેવાનો

અનુસંધાન પાના ૬ ઉપર

### વન વે હોવા છતાં કોઈ કાળજી લેવાતી નથી

## બગસરા શહેરમાં ટ્રાફિકની સમસ્યા શહેરીજનો માટે માથાનાં દુઃખાવારૂપ બની

એમ્બ્યુલન્સ પણ ઘણી વખત ફસાઈ જાય છે


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૦
બગસરામાં ટ્રાફિક સમસ્યા એટલે માથાનો દુખાવો ભરબજારમાં ટ્રાફિક જામની સમસ્યા સમગ્ર વિસ્તારમાં કોઈપણ જગ્યાએ બજારમાં નીકળો એટલે ટ્રાફિકની સમસ્યા હદ કરી છે એમ્બ્યુલન્સને કાઢવી હોય કે પછી ઈમર્જન્સી કોઈપણ દવાખાને લઈ જવા માટે ભયંકર પરિસ્થિતિનો સામનો કરવો પડે છે છતાં કયાંય પણ પોલીસ જોવા મળતી નથી અને ટ્રાફિકની સમસ્યા એટલો માથાનો દુખાવો થઈ ગયો છે કેવું વાત પૂછોમાં બગસરામાં પીઆઈ ડીવી પ્રસાદની બદલી જતા બગસરામાં કાયદો અને વ્યવસ્થા કથળી છે આડેધડ વાહન પાર્કિંગ તેમજ કલેકટરનો જાહેરનામાનો ભંગ વનવે હોવા છતાં બધા વાહનો આડેધડ

અનુસંધાન પાના ૬ ઉપર

### તહેવારોનાં દિવસોમાં તસ્કરોનાં આંટાફેરા

## રાજુલાનાં ધારેશ્વર ગામનાં બંધ મકાનમાંથી રૂપિયા ૫.૬૧ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી

સ્થાનિક પોલીસે તસ્કરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા

અમરેલી, તા. ૨૦
રાજુલા તાલુકાના ધારેર ગામના રહીશ અને હાલ ભચાદર ગામે રહેતા એક વૃદ્ધ શ્રમિકના ધારેર ગામે આવેલ બંધ મકાનના કોઈ તસ્કરોએ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલા પંથકમાં મોબાઈલ ચોરી કરનાર ૨ શખ્સો ઝડપાયા



અમરેલી, તા. ૨૦
રાજુલાના પોલીસ ઈન્સ્પેકટર સી.એસ. કુગસીયાનાં માર્ગદર્શન આધારે રાજુલા પોલીસ ટીમે રાજુલા પોલીસના ગુ.ર.નં.

અનુસંધાન પાના ૬ ઉપર

## સિંહ બેલડીને ઉભી પૂંછડીએ ભગાડતી ભગરી ભેંસ



ગીરનાં જંગલ વિસ્તાર નજીક રસ્તાના કેડે આરામ ફરમાવતા એક સિંહ અને સિંહણ સામે એક ભગરી ભેંસ આવી જતા આ ભેંસે સિંહ બેલડી સામે દોટ મૂકી હતી અને આરામ ફરમાવી રહેલ સિંહ અને સિંહણને ભગાડી મુકયા હતા. આફ્રિકાના જંગલોમાં જોવા મળતી ઘટનાઓ ગીરના વિસ્તારોમાં જોવા મળી હતી. આ સિંહ બેલડીને ઉભી પૂંછડીએ ભગાડતી ભેંસનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં અમરેલી જિલ્લાનાં સિંહ પ્રેમીઓ આ સિંહ બેલડીને નાસી છૂટવા મજબૂર કરતો વિડીયો હિટ થયો હતો. આ વાયરલ થયેલ વિડીયો ગીરનાં જંગલ આસપાસનો હોવાનું અનુમાન છે.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## અમરેલીનાં માણેકપરાનાં યુવકની લાઠી નજીક વિદેશી દારૂની ૧૦૨ બોટલ સાથે અટકાયત

પાર્થ ભરતભાઈ ટાંક વિરૂધ્ધ નિયમાનુસાર કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૦
લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ–૧૬૩ કિમત રૂપિયા ૭૧,૫૮૦ની હેરફેર કરતા એક ઈસમને વાહન સહિત કુલ કિંમત રૂપિયા ૩,૭૨,૫૮૦ નાં મુદ્દામાલ સાથે અમરેલી એલ.સી.બી. એ ઝડપી લીધેલ છે.
અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તા.૨૦ નાં શરૂ રાત્રીના લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની



બોટલો ભરી ચાવંડ ગામથી અમરેલી તરફથી જવાની છે જે બાતમી આધારે લાઠી–ચાવંડ રોડ ઉપર વોચમાં રહી

અનુસંધાન પાના ૬ ઉપર







**માળીની જરૂર છે**
બગીચાના કામના જાણકાર, અનુભવી માણસની જરૂરીયાત છે.
નવા ઝાડ તથા લોન વાવવી, શેપમાં કટીંગ કરવું, ખાતર તથા દવાનો છંટકાવ કરવો વિગેરે પ્રકારની બગીચાને લગતી કામગીરી કરવાની રહેશે.
: સંપર્ક :
**નેહા કન્સલટન્સી**
પ્રથમ માળ, ગણેશ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, અમરેલી.
મોબાઈલ નં. ૮૮૬૬૩ ૪૦૭૭૪

# સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં નવા વર્ષનાં પ્રારંભે જાહેર હરરાજીનો પ્રારંભ






લાભ પાંચમ એટલે વિક્રમ સંવત ૨૦૮૦ નાં નવા વર્ષનો શુભારંભ ગણાય અને નવા વર્ષની શરૂઆતની જુનવાણી પરંપરાઓ હજુ એપીએમસીઓમાં યથાવત જોવા મળી રહી છે ને યાર્ડમાં હજુ પણ ૧ એપ્રિલથી થતા નવા વરસની જગ્યાએ હજુ પણ જુનવાણી રીતરસમો જળવાઈ રહ્યા છે ને અમરેલી જિલ્લાના યાર્ડમાં બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોકત વિધિ મુજબ યાર્ડમાં જાહેર હરરાજીમાં મગથી હરરાજી શરૂ કરવામાં આવી હતી ને સારો ભાવ પણ બોણીમાં ખેડૂતોને મળવાનાં શ્રીગણેશ થયા હતાં. અમરેલી, સાવરકુંડલા, લાઠી, બાબરા, ધારી સહિતના એપીએમસીમાં લાભ પાંચમના અવસરને વર્ષની શરૂઆતનો પ્રથમ દિવસ હજુ પણ જુનવાણી પરંપરા મુજબ ગણવામાં આવે છે ને યાર્ડમાં બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોકત વિધિ કરીને યાર્ડનાં ચેરમેન, ડિરેકટરો, વેપારીઓ દ્વારા પ્રથમ મગની ખરીદી કરવાનાં જુનવાણી રીત રિવાજોને લાભ પાંચમથી વર્ષની શરૂઆતનો દિવસ ગણવામાં આવે છે ને બ્રાહ્મણ દ્વારા વિધિ કરીને શ્રીફળ ફોડીને હાથમાં જળ લઈને મગ પર છંટકાવ કરીને ખેડૂતોને આખું વર્ષ પોષણક્ષમ ભાવો મળી રહે તેવા આશય સાથે મગની જાહેર હરરાજી શરૂ કરવામાં આવી હતી ને પ્રથમ હરરાજીમાં મગનાં ૨૧૧૨ જેવા પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળતા ખેડૂતો આવા ભાવો આખું વર્ષ જળવાઈ રહે તેવી ખેડૂતોએ યાચના કરી હતી. યાર્ડમાં ૨ હજારથી લઈને ૨૧૦૦ સુધીના ૧ મણના મગના ભાવો ખેડૂતોને મળતા ખેડૂતોને ખુશહાલી જોવા મળી હતી ને આખું વર્ષ ખેડૂતોને દરેક ખેત પેદાશોના પોષણક્ષામ ભાવો મળી રહે તો ખેડૂતોને રાહત મળી રહે ત્યારે એપીએમસીના ચેરમેન દીપક માલાણીએ સંવત ૨૦૮૦ ને વધાવવા યાર્ડમાં આજથી જાહેર હરરાજી શરૂ થયાનું જણાવ્યું હતું કે અંગ્રેજી વર્ષ મુજબ ૨૦૨૩ નું વર્ષ ચાલે છે પણ જુનવાણી પરંપરાઓ જોઈએ તો વિક્રમ સંવત ૨૦૮૦ ગણાય છે ને નવા વર્ષને વધામણા કરવા ને જાહેર હરરાજીમાં મગથી શરૂઆત કરીને યાર્ડનો શુભારંભ થયેલો હતો ને આખું વર્ષ ખેડૂતોને આજની જેમ જ ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તેવી ખેડૂતોની આશાઓ આખું વર્ષ જળવાઈ રહેશે કે કેમ તે જોવું રહ્યું.

### કતરામાં આવેલ ઝમ્બો ઝુ માં સાવજને લવાયા

## ભૈ વાહ : જમ્મુ કાશ્મીરમાં પણ હવે ગીરના સાવજની ડણક સંભળાશે

### વિશાળ વિસ્તારમાં ખુલ્લેઆમ સિંહ પરિવાર ફરી રહ્યા છે

**(પ્રતાપ ખુમાણ, સા.કુંડલા–જમ્મુથી ખાસ રીપોર્ટ)**

સાવરકુંડલા, તા. ૨૦

જમ્મુ કાશ્મીરમાં જમ્મુથી કટરા વચ્ચે ખુબજ વિશાળ ઝુ નું નિર્માણ કરવામા આવ્યુંછે. જે JAMBOO ZOO ના નામથી ઓળખાય છે. આ વિશાળ ઝુ માં અસંખ્ય દેશી વિદેશી પ્રકારના અસંખ્ય પ્રાણીઓ, સરીસૃપ, પક્ષીઓ રાખવામાં આવ્યાં છે. દરેક પ્રાણીઓ માટે ખૂબજ વિશાળ અને અત્યંત કાળજીપૂર્વક સંપૂર્ણ કુદરતી પર્યાવરણ જાળવવામાં આવેલ છે. આ ઝુ એટલું વિશાળ છે કે પગપાળા આખું ઝુ નિહાળવું મુશ્કેલ છે. આ માટે દરેક મુલાકાતીઓ માટે ઈલેકિટ્રક વેહિકલ ઉપલબ્ધ છે. આજે આ ઝુ ની રૂબરૂ મુલાકાત સમયે, આ ઝાંબુ ઝુ ના કંજરવેટીવ અધિકારી શર્માજીના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્રના ગીર




અભિયારણ્યમાંથી સિંહને પણ હમણાં જ લાવવામાં આવ્યાં છે.

હાલ તેને કવોરન્ટાઈનમાં રાખવામાં આવ્યાં છે અને તેમની તમામ દૈનીક માનસિક શારીરિક ગતિવિધિઓની નોંધ રાખવામાં આવી રહી છે. થોડા સમય બાદ આ સિંહોને ઝુ માં જાહેર જનતા સમક્ષ દર્શનાર્થે મૂકવામાં આવશે. આ અધિકારીને સૌરાષ્ટ્રમાં અનેક ગામડાઓમાં સિહ પરીવાર ભ્રમણના વિડીઓ બતાવવામાં આવ્યાં ત્યારે તેઓ દંગ રહી ગયા કે આ રીતે આટલા વિશાળ વિસ્તારમાં ખુલ્લેઆમ સિહ પરીવાર ફરી રહયો છે.

### તાલુક કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

## અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ તંત્ર નિષ્ફળ

### ઘણા સમયથી ગંભીર સ્થિતિનો આક્ષેપ

અમરેલી, તા. ૨૦

છેલ્લા ઘણા સમયથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. અમરેલી જિલ્લ પોલીસ તંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે, પોલીસ તંત્રનાં હપ્તા રાજથી આજે સમગ્ર અમરેલી જિલ્લામાં બેફામ રીતે દારૂ વેંચાય છે અને બુટલેગરો પણ બેફામ બની ગયા છે. આજે સમગ્ર અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર રીતે રેતીનું ખનન પણ બેફામ થાય છે. અને ખનીજ માફિયાઓ પણ બેફામ બની ગયા છે.



આજે સમગ્ર અમરેલી જિલ્લામાં લૂંટફાટ, ચોરી, હત્યા, બળાત્કાર જેવી ઘટનાઓ દિન પ્રતિદિન વધતી જાય છે જે સાબિત કરે છે કે અમરેલી જિલ્લા પોલીસ તંત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે નિષ્ફળ ગયું છે. તાજેતરમાં જ કોંગ્રેસનાં આગેવાન ઉપર જીવલેણ હુમલો થયેલ હતો. તેનાં થોડાક દિવસો બાદ જ ભાજપનાં મહિલા આગેવાનની સરાજાહેર હત્યા કરી દેવામાં આવેલ છે. જે પોલીસતંત્રની નિષ્ફળતા સાબિત કરે છે.

## અમરેલીનાં બાલભવનમાં લોક સાહિત્ય સેતુની નિયમિત બેઠક મળી




અમરેલી, તા. ૨૦

પરમ પૂજય મોરારીબાપુનાં રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુની ૧૧૧ મી નિયમિત બેઠક બાલભવનનાં વિશાળ પ્રાર્થના હોલમાં યોજાયેલ. પ્રારંભમા લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સર્વ સદસ્યો ભાઈઓ–બહેનોનું શાબ્દિક સ્વાગત કરી આજની બેઠકનો વિગતે પરિચય આપ્યો.

આજની બેઠકમાં સર્વ ભરતભાઈ અગ્રાવત (નિવૃત પ્રો. જિ.શિ. તાલીમ ભવન), રમેશભાઈ જાદવ, સોનલબેન ત્રિવેદી, તરૂબેન વ્યાસ, તન્વીબેન હીરપરા (ગોઢાવદર,), ચંદ્રકાંતભાઈ વ્યાસ, તનીક્ષા જાદવ, પ્રહલાદભાઈ, વિમળાબેન વણતરીયા જેવા કલાકારોએ પોતપોતાની આગવી શૈલીમાં લોકસાહિત્ય, લોકગીત, ભજનની રમઝટ બોલાવી. તબલા ઉપર કનુભાઈ સોલંકીએ સંગત આપી. ડો. પ્રતાપભાઈ પંડયાનાં સુપુત્રી મનિષાબેન પંડયાનાં શુભેચ્છાપત્રનું વાચન કર્યુ. આ કાર્યક્રમમાં સર્વ નારણભાઈ ડોબરિયા, હસુભાઈ જોષી, સોનલબેન ત્રિવેદી, ઈતેશભાઈ મહેતા(જિલ્લા પ્રમુખ વિશ્વ હિન્દુ પરિષદ), રશ્મિનભાઈ ત્રિવેદી (ઉપાધ્યક્ષ વિ. હિન્દુપ.) ડો. પંકજભાઈ ત્રિવેદી, (કોષાધ્યક્ષ જિ.વિ.હિ.પ.), પ્રતાપસિહજી રાઠોડ (અમરેલી મઠમંદિર સંયોજક વિહિપ), હંસાબેન મૂળજીભાઈ જાદવ, વિલાસબેન મુળજીભાઈ જાદવ, પ્રિયંકાબેન રમેશભાઈ જાદવ, વનક્ષિબેન રસીકભાઈ રાઠોડ, રસીકભાઈ રાઠોડ સમેત વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા અને મોજમાણી બાલ ભવનનાં ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, નારણભાઈ ડોબરીયા તેમજ મોટાભાઈ સંવટ કાર્યક્રમથી સંતોષ વ્યકત કરી અભિનંદન આપ્યા. લોકસાહિત્ય સેતુની ચાલતી પ્રવૃત્તિઓથી સંતોષ પામી મુકત કંઠે પ્રસંશા કરી કાર્યક્રમના અંતે મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યુ.

## સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત મોટા દેવળીયા ગામે બગીચાની સાફ સફાઈ કરવામાં આવી

અમરેલી, તા.૨૦

બે માસનાં મહા સ્વચ્છતા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ રહી છે. આ કડીના ભાગરૂપે જાહેર જગ્યાઓની સફાઈ કરવાનાં હેતુથી અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોટા દેવળીયા ગામે સ્વયંસેવકો અને કર્મયોગીઓ દ્વારા બગીચાની સાફ સફાઈ કરવામાં આવી હતી. બગીચામાંથી કચરો એકઠો કરી અને ઘન કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી.


### કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (નેત્રમ)ની મદદથી

## અમરેલી એલસીબી ટીમે મુળ માલીકને સોનાનો ચેઈન કિંમત રૂા. ૬૦,૦૦૦નો પરત કર્યો

### અરજદારે પોલીસની કામગીરીની સરાહના કરી

અમરેલી, તા. ૨૦


ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત અલગ અલગ જિલ્લાઓમાં સીસીટીવી કેમેરાઓ લગાડીને કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (નેત્રમ)ની સ્થાપના કરવામાં આવી છે. ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે રેન્જના જિલ્લાઓમાં વિશ્વાસ પ્રોજેકટ અન્વયે સ્થાપિત કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (નેત્રમ) દ્વારા સતત મોનીટરીંગ રાખી, આધુનિક ટ્રાફિક નિયમન કરવા તેમજ વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે નેત્રમ હેઠળ આવેલ તમામ સીસીટીવી કેમેરાઓનું ૨૪×૭ કલાક સર્વેલન્સ રાખી, ચોરી, લુંટ, ચીલ ઝડપ, વાહન અકસ્માત જેવા બનાવો બનતા અટકાવવા સતત વોચ રાખી આ બનાવો ઝડપી ઉકેલવા તેમજ ખોવાયલ વસ્તુ પરત મેળવવા, સ્વજન ગુમ થતા તેની ભાળ મેળવવા, તેમજ મોબાઈલ, ડોકયુમેન્ટ વાહનોમાં ભુલી જતા આમ નાગરીકોને મદદરૂપ થવા 'નેત્રમ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર ટીમ તથા



એલસીબી ટીમને માર્ગદર્શન આપવામાં આવેલ હોય. ગત તા.૧૯નાં રોજ ડેનીસભાઈ કનુભાઈ વીરાણી, રહે. સુરત, મુળ રહે. હીરાણા, (તા. લાઠી) વાળા લગ્ન પ્રસંગ સબબ અમરેલી મુકામે આવેલ હોય, અને ગત તા. ૧૯નાં રોજ સાંજના આશરે પાંચેક વાગ્યે અમરેલી, કોલેજ સર્કલ પાસે આવેલ શિતલ પાર્લરમાં પોતાના પરીવાર સાથે આવેલ હોય, આ દરમિયાન પોતાનો સોનાનો ચેઈન આશરે કિ. રૂા. ૬૦,૦૦૦ નો પોતાના ખિસ્સામાં રૂમાલમાં રાખેલ હોય, જે ખિસ્સામાં રાખેલ રૂમાલ કાઢતી વખતે સોનાનો ચેઈન પડી જતા, જે આજુ બાજુમાં તપાસ કરતા મળી આવેલ ન હોય, જે અંગે ડેનીસભાઈએ એલસીબી ટીમને જાણ કરેલ. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અરજદાર ડેનીસભાઈને કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે લઈ ગયેલ, અને બનાવની જાણ કરતા જે અન્વયે કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરના પોલીસ સબ ઈન્સ. એચ.એલ. પાથર તથા ટીમ દ્વારા બનાવ સમયના કોલેજ સર્કલ ખાતેના સીસીટીવી ફુટેજો ચેક કરતા એક ભાઈ કોઈ ચીજવસ્તુ ઉપાડતો જોવામા આવતો હોવાનું જોવા મળેલ, જે ભાઈને સીસીટીવી કેમેરાના આધારે ટ્રેક કરી,એલ.સી.બી. ટીમે આ ભાઈને શોધી તેની પુછપરછ કરતા તેઓને રસ્તા પરથી આ ચેઈન મળેલ હોવાનુ જણાવેલ, આ સોનાનો ચેઈન કિ. રૂા. ૬૦,૦૦૦ નો ડેનીસભાઈનો હોવાની ખરાઈ થતા તેઓને પરત કરવામાં આવેલ છે.

આમ, વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (નેત્રમ) સીસીટીવી કેમેરાની મદદથી અરજદારનો ખોવાયેલ સોનાનો ચેઈન કિ. રૂા. ૬૦,૦૦૦ પરત શોધી આપી,પોલીસ ખરેખર પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરેલ હોય, જે અન્વયે અરજદારે એલ.સી.બી. ટીમ તથા કમાન્ડ કંન્ટ્રોલ સેન્ટર ટીમનો આભાર માન્યો હતો.

## અમરેલીમાં વ્યાસ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ



અમરેલી, તા. ૨૦

અમરેલીમાં વ્યાસ પરિવાર દ્વારા સર્વ પિતૃમોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુદ–૪ને શુક્રવાર તા. ૧૭થી કારતક સુદ–૧૦ને ગુરૂવાર તા. ૨૩/૧૧/૨૩ સુધી ''દતકૃપા'', કે.કે. પાર્ક સોસાયટી, લાઠી રોડ, અમરેલી ખાતે પ્રારંભ થયો છે. વાજતે ગાજતે નીકળેલી પોથીયાત્રામાં વ્યાસ પરિવાર, ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કથાની વ્યાસપીઠ પર શાસ્ત્રી કેયુરભાઈ જોષી બિરાજી કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવી રહ્યાં છે. કથાનો સર્વ ધર્મપ્રેમીઓએ લાભ લેવા રાજેશભાઈ વ્રજલાલ વ્યાસની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લા ૧૦૮ ટીમ, આર.ટી.ઓ. અને પોલીસ ટીમ દ્વારા ''વિશ્વ સંભારણા દિવસ'' મનાવવામાં આવ્યો








વિશ્વમાં દર વર્ષે નવેમ્બર મહિનાનાં ત્રીજા રવિવારે વર્લ્ડ રીમેમ્બરેન્સ દિવસ એટલે કે વિશ્વ સંભારણા દિવસ મનાવવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ અમરેલી જિલ્લા ખાતે અમરેલી ૧૦૮, ખિલખિલાટ, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, ૧૯૬૨ એનીમલ હેલ્પલાઈન જેવી વિવિધ ટીમો તેમજ અમરેલી આરટીઓ ટીમ, પોલીસ ટીમનાં સહિયારા ઉપક્રમે આજરોજ વિશ્વ સંભારણા દિવસ નિમિત્તે ખાસ કરીને માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી અને આમ જનતાને ટ્રાફિકનાં નિયમો જેમ કે સીટબેલ બાંધવા, ઓવર સ્પીડ પર ના ચલાવવા, હેલ્મેટ પહેરવા વગેરે જેવા સલામતીનાં નિયમોનું પાલન કરવા માટે અમરેલી આરટીઓ ઈન્સ્પેકટર પઢીયાર દ્વારા સુચનો આપ્યા હતા. તેમજ આજના આ દિવસ નિમિત્તે હાજર રહેલ તમામ લોકો દ્વારા ટ્રાફિકનાં નિયમોનું પાલન કરવા અને સલામતીનાં ભાગરૂપે ૧૦૮ માં કોલ કરી અકસ્માતમાં ઘવાયેલા લોકોની મહામૂલી જિંદગી બચાવવા અને મદદ કરવા માટે પ્રતિજ્ઞા લેવાઈ હતી. તેમજ કોઈપણ અકસ્માત સર્જાય તો તુરંત ૧૦૮ પર કોલ કરી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની મદદ કરી મહામૂલી જિંદગી બચાવવામાં મદદરૂપ થવા ૧૦૮ જિલ્લા અધિકારી દ્વારા વિનંતી કરાઈ હતી.

## જિલ્લા પ્રભારીનાં અધ્યક્ષસ્થાને તૈયારીઓની સમીક્ષા બેઠક સંપન્ન

# અમરેલી જિલ્લામાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' પરિભ્રમણ કરશે

**સંકલ્પ યાત્રાનો લાભ પ્રત્યેક લાભાર્થી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા પ્રભારીનું સુચન**

**કેન્દ્ર અને રાજય સરકારની ૧૭ યોજનાઓનો લાભ આપવામાં આવશે**

**ખેતીવાડી અને પશુપાલન ક્ષેત્રે વધુમાં વધુ લાભ પહોંચાડવાનો પ્રચાસ થશે**

**જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**









અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં વિકસિત ભારતની સંકલ્પના સાથે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાનો પ્રારંભ અમરેલીને ફાળવવામાં આવેલા ૫ રથ આવી પહોંચતા સત્વરે થશે. યાત્રાના સુચારૂ આયોજન અને આ યાત્રા દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓ સુધી સીધી પહોંચાડવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને જન-જન સુધી લઈ જવામાં આવશે. કેન્દ્ર અને રાજય સરકારની ૧૭ જેટલી કલ્યાણકારી યોજનાઓનો લાભ આ યાત્રા દરમિયાન આપવામાં આવશે.

અમરેલી જિલ્લામાં આ યાત્રાના સુચારૂ આયોજન અર્થે જિલ્લાના પ્રભારી આઈ.એ.એસ. અધિકારી અનુપ ખીંચીના અધ્યક્ષ સ્થાને અમરેલી ખાતે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યકારી જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડાએ અમરેલી જિલ્લાના આયોજન અંગેની વિગતવાર માહિતી આપી હતી. પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા આ યાત્રાના રૂટ, કાર્યક્રમના આયોજન, મળવાપાત્ર યોજનાઓનું નોડલ અધિકારીઓનું સંકલન તેમજ તાલુકા અને જિલ્લા કક્ષાના રિપોર્ટીંગ માટેની વ્યવસ્થા અને આયોજન સહિતની ઝીણવટભરી વિગતોથી જિલ્લા પ્રભારીને અવગત કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પ્રભારીએ યોજનાઓ અંતર્ગત અમરેલી જિલ્લામાં ખેતીવાડી અને પશુપાલનનો વિસ્તાર વ્યાપક હોવાથી તેના સંલગ્ન લાભ વધુમાં વધુ મળવાપાત્ર લોકોને મળે અને લોકો સુધી યાત્રાનો સમય, યોજનામાં જોડાવા માટેના જરૂરી દસ્તાવેજોની યાદી અગાઉથી પહોંચી જાય તે સુનિશ્ચિત કરવા સૂચન કર્યુ હતું. આ ઉપરાંત રિપોર્ટીંગ યોગ્ય રીતે થાય અને યાત્રામાં સંલગ્ન અધિકારીઓ અને કર્મયોગીઓની યોગ્ય રીતે અગાઉથી તાલીમ સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા માટે સૂચન કર્યુ હતું. બેઠકના પ્રારંભે જિલ્લા વહીવટીતંત્ર વતી પ્રભારીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાના પ્રાંત અધિકારીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડાએ કર્યુ હતું.

## સાવરકુંડલાનાં સેવાભાવી ત્રંબકભાઈ દોશીનું અવસાન થયું

સાવરકુંડલા, તા. ૨૦

લલ્લુભાઈ શેઠ પ્રેરીત જાહેર સંસ્થાઓ દ્વારા મુકુંદભાઈ નાગ્રેચાનાં પ્રમુખ સ્થાને સ્વ.ત્રંબકભાઈ રતિલાલ દોશીનું અવસાન થતાં તેમની શોક સભામાં લલ્લુભાઈ શેઠ પ્રેરિત સંસ્થાઓમાં યાત્રાનાં જીવનનાં અમૂલ્ય વર્ષો પસાર કર્યા તેમના જીવન વિશે સાવરકુંડલા ગૌશાળામાં ગાયો માટે દરવર્ષે મકરસંક્રાન્તિ પર્વ નજીક હોય ત્યારે જીવદયાની જોળી લઈને શહેરમાં વેપારીઓ શાળા, કોલેજ, સંસ્થા ઓમાં ગાયો માટે ફાળો એકત્ર કરી ગૌસેવા કરતા સેવાભાવી, નિસ્વાર્થી, લોકસેવક ઉમદા સ્વભાવવાળા ત્રંબકભાઈની વિદાયથી જૈન સમાજ જ્ઞાતિને તથા તેમના પરિવારને મોટી ખોટ પડેલ છે.

નૂતન કેળવણી મંડળ, મણિભાઈ ત્રિવેદી સ્મારક ટ્રસ્ટ, વિશાશ્રીમાળી જૈન દેરાસર, જૈન વિધ્યાર્થી ગૃહ, સાવરકુંડલા ગૌશાળા, માર્કેટિંગ યાર્ડ, નાગરિક બેંક, સાર્વજનિક દવાખાનામાં સારી એવી સેવા આપેલ શોક સભામાં ત્રંબકભાઈ દોશીનાં મિલનસાર રમુજી સ્વભાવના તથા સ્પષ્ટ નીડર, વકતા ધાર્મિક લાગણી



ધરાવતા હતા. સાવરકુંડલાની અગ્રણ્ય સેવાભાવી સંસ્થાઓ સાથે નિસ્વાર્થભાવે સંકળાયેલા હતા. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે પરિવારજનોનાં જીવનમાં આવી પડેલા અણધાર્યો આઘાતમાં સહભાગી થઈને પરિવાર સાથે ઉભા રહેવાની સંસ્થાઓએ લાગણી વ્યકત કરેલ. શ્રી લલ્લુભાઈ શેઠ પ્રેરિત જાહેર સંસ્થાઓ વતી મુકુંદભાઈ નાગ્રેચા, બટુકભાઈ ભડકોલીયા, ગુણવંત ત્રિવેદી, પરાગ ત્રિવેદી, કાળુભાઈ વિરાણી, હરેશભાઈ ત્રિવેદીએ ત્રંબકભાઈ દોશીની સાથેનાં સ્મરણો વાગોળેલ તથા જૈન સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહેલ તેમજ સંચાલન વિનુભાઈ રાવલે કરેલ.

## પેન્શન યોજનાનાં જૂના વિકલ્પમાં યથાવત રહેવા માંગતા પેન્શનરોએ સ્વ પ્રમાણિત કરેલી વિગતો તિજોરી કચેરીને તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં પહોંચાડવી

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા તિજોરીમાંથી રાજય-કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા તમામ પેન્શનરો માટે જિલ્લા તિજોરી કચેરીએ એક અખબારી યાદી દ્વારા અનુરોધ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કેન્દ્ર સરકાર દ્વારા આવકવેરાનાં બે વિકલ્પ આપવામાં આવ્યા છે. જે પેન્શનર જૂના વિકલ્પમાં યથાવત રહેવા માંગતા હોય અને તેમની આવક નિયત મર્યાદાથી વધતી હોય તો સ્વ આકરણી કરી રોકાણ સહિતની વિગતોની અથવા રોકાણ અંગે બાહેંધરીની સ્વ પ્રમાણિત નકલ જિલ્લા તિજોરી કચેરીને તા.૧૫/૧૨/૨૦૨૩ સુધીમાં મળી જાય તેમ મોકલવા જણાવવામાં આવ્યું છે. અન્યથા પેન્શનર નવો વિકલ્પ સ્વીકારવા માંગે છે તેમ માની નિયમ અનુસાર આવકવેરાની કપાત કરવામાં આવશે. આ ઉપરાંત પેન્શનરોએ તેમના પાનકાર્ડની નકલ તથા મોબાઈલ નંબર પણ તિજોરી કચેરીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે, અન્યથા પાનકાર્ડ ઉપલબ્ધ ન હોવાના લીધે ઉચ્ચક દરે નિયમ અનુસાર આવકવેરો કાપવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા તિજોરી અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.


આકર્ષક પગારથી માણસ જોઇએ છે
પેટ્રોલ પંપ તથા સ્ટોન ક્રશરમાં વહીવટી કામ કરી શકે તેવા તેમજ બેંકના કામના જાણકાર
એકાઉન્ટન્ટ કમ ઓપરેટર
ની જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે.
સંપર્ક : નિલવડા, તા. બાબરા.
મો. ૯૯૭૮૩ ૯૭૩૬૮ ■ ૯૯૦૯૬ ૦૯૫૬૯ ■ ૯૭૧૨૫ ૫૨૪૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
''માઈલેજનો મહારથી'' ટુ-વ્હીલર
BAJAJ



CT 110 | Platina 100
સર્વશ્રેષ્ઠ માઈલેજ 85* Per Liter ન્યુનત્તમ મેન્ટેન્સ
રૂા. ૫,૯૯૯/- માં વસાવો સરળ હપ્તે
પેટ્રોલના જુના કાંક વાળી મેથડ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
fascino 125 Fi (ફ્યુલ ઈન્જેકશન)
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક



BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કૂટરમાં સાત સેન્સર ધરાવતું સ્કૂટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ ક્વોલિટી સાથે
30% MORE POWER 16% IMPROVED MILEAGE BLUE CORE STOP & START SYSTEM 99 KG
» બધા જ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
BS-VI COMPLIANT
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ



સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

Hero
go BIG go XOOM




LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

# બાબરા અને રાજુલા પંથકમાં જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી



બે માસના મહા સ્વચ્છતા અભિયાન 'સ્વસ્છતા હી સેવા' અંતર્ગત અમરેલી જિલ્લાના બાબરા અને રાજુલા તાલુકાના ગામડાઓમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. આં ઝુંબેશના ભાગરૂપે ગ્રામ્ય વિસ્તારોમાં દિવાળી નિમિતે ફોડવામાં આવેલ ફટાકડાનો કચરો એકઠો કરી નિકાલ કરવામાં આવ્યો હતો. આ સપ્તાહની સ્વચ્છતા થીમ અંતર્ગત બાબરા તાલુકાના સુખપુર, રાણપુર, અને વાવડા ગામે જાહેર રસ્તાઓની સફાઈ કરવામાં આવી હતી. જયારે રાજુલા તાલુકાના ઉટીયા અને ગાંજાવદર સહિતના ગામોમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી.સ્વચ્છતા અભિયાન અંતર્ગત સપ્તાહના પ્રતિ રવિવારે આગામી તા. ૧૬ મી ડિસેમ્બર સુધી મેગા સ્વચ્છતા ડ્રાઈવ યોજાશે. આ કડીના ભાગરૂપે આગામી તા.૧૯ નવેમ્બર ૨૦૨૩ ના રોજ અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં સિગલ યુઝ પ્લાસ્ટિકનાં વપરાશ અને નિકાલ અંગેની જાગૃતિ અને સિંગલ યુઝ પ્લાસ્કિનું કલેકશન કરવામાં આવશે. તદઉપરાંત એકયુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત હોય ત્યાં રીનોવેશન, અપગ્રેડેશન સહિતની કામગીરી કરવામાં આવશે. સ્વચ્છતા ઝુંબેશના આ સેવાયજ્ઞમાં સ્વચ્છ ભારત અભિયાન (ગ્રામીણ)ના કર્મયોગીઓ, સ્થાનિકો, સ્વયભું જોડાઈ અને સ્વચ્છ અને નિર્મળ ગુજરાત બનાવવા માટે પ્રયત્નશીલ છે.

### નવા વર્ષમાં લગ્ન કરવા માગનારાઓ માટે માઠા સમાચાર

## દેવ દિવાળી બાદ લગ્નો શરૂ થશે, વર્ષમાં લગ્ન માટે માત્ર ૪૪ શુભ મુહૂર્ત

**નવેમ્બર માસમાં આગામી તા. ૨૭ના લગ્નનું પ્રથમ શુભ મુહૂર્ત છે, ગત વર્ષે લગ્નના ૬૩ શુભ મુહૂર્તો હતા**

અમદાવાદ, તા.૨૦

દેવ દિવાળી બાદ લગ્નની સીઝન શરુ થાય છે. તુલસીવિવાહ બાદ શુભ લગ્નોનો પ્રારંભ થશે. નૂતન વર્ષ વિક્રમ સંવંત ૨૦૮૦ માં લગ્નના ૪૪ મુહૂર્તો છે. આ વખતે ગુરુ-શુક્રના અસ્તના કારણે મે મહિનામાં લગ્નના મુહૂર્તો નથી. જયારે ચાલુ નવેમ્બર માસમાં આગામી તા. ૨૭ના લગ્નનું પ્રથમ શુભ મુહૂર્ત છે. ગત વર્ષે લગ્નના ૬૩ શુભ મુહૂર્તો હતા જયારે આ વર્ષે માત્ર ૪૪ શુભ મુહૂર્તો છે.

નવેમ્બરમાં તા. ૨૭, ૨૮ તથા ૨૯ના દિવસો લગ્ન માટે શુભ છે. ડિસેમ્બર મહિનામાં તા. ૬, ૭, ૮, ૧૪, ૧૫ શુભ છે. આમ ધનારક કમુહૂર્તા પહેલા લગ્નના આઠ મુહુર્ત છે. તા.૧૬-૧૨ થી ૧૪-૧ સુધી ધનારક કમુહુર્ત હોવાથી આ સમયગાળામાં લગ્ન થઈ શકે નહિં. જાન્યુઆરીમાં તા. ૨૧, ૨૨, ૨૭, ૨૮, ૩૦ તથા ૩૧ આ દિવસો લગ્ન માટે શુભ છે. ફેબ્રુઆરી મહિનામાં તા. ૨, ૪, ૬, ૧૨, ૧૭, ૧૮, ૧૯, ૨૪, ૨૬, ૨૭, ૨૮, તથા તા. ૨૯ લગ્નના શુભ મુહૂર્તો છે. માર્ચ મહિનામાં તા. ૨, ૩, ૪, ૬, ૧૧ તથા તા. ૧૩ના શુભ મુહૂર્તો છે. ત્યારબાદ તા. ૧૪-૩ થી ૧૩-૪ સુધી મીનારક કમુહૂર્તના કારણે લગ્ન થઈ શકે નહી તથા તા. ૧૭-૩ થી ૨૪-૩ સુધી હોળાષ્ટક છે. આમ મીનારક તથા હોળાષ્ટકમાં લગ્ન નિષેધ છે. એપ્રિલ મહિનામાં લગ્નના ચાર મુહુર્તો છે. તા. ૧૮, ૨૧, ૨૬ અને ૨૮ના લગ્ન માટે શુભ દિવસ છે. ત્યારબાદ શુક્ર ગ્રહનો અસ્ત થતા તા. ૧-૫ થી ૨૮-૬ સુધી મુહૂર્ત નથી. જયારે ગુરુ ગ્રહનો અસ્ત તા. ૭-૫ થી ૨ જૂન સુધી છે. આમ ગુરુ તથા શુક્રના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી. આથી મે મહિનામાં લગ્નના એક પણ મુહુર્ત નથી. જયારે જૂનમાં લગ્નના બે જ મુહુર્તો છે. તેમણે મહિનાની આખર (તા. ૨૯ તથા ૩૦)માં છે. જુલાઈ મહિનામાં તા. ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪ તથા ૧૫ના મુહુર્તો છે. તા. ૧૭ જુલાઈના દેવશયની એકાદશી છે. દેવશયની એકાદશીના દિવસે દેવતાઓ પોઢી જાય છે. આથી ત્યારબાદ લગ્નના મુહૂર્તો હોતા નથી.

આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીએ વસંત પંચમી છે. જયારે અખાત્રીજ તા. ૧૦મી મેના છે પરંતુ અખાત્રીજના દિવસે ગુરુ-શુક્રનો અસ્ત હોતા લગ્ન થઈ શકશે નહિં. વર્ષ દરમ્યાન લગ્નના માત્ર ૪૪ મુહૂર્તો છે. તેમાં પણ ઉનાળામાં માત્ર ૧૨ મુહૂર્તો છે. સૌથી વધારે ફેબ્રુઆરીમાં ૧૨ લગ્ન મુહૂર્તો છે.

### ઓસ્ટ્રેલિયા સામે હાર્યા બાદ ભારતીય ક્રિકેટર્સ ભાંગી પડ્યા

## ભારતીય ક્રિકેટર્સને વડાપ્રધાન મોદી-સેલિબ્રિટીસે સાંત્વના પાઠવી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડ્રેસિંગરૂમમાં ભારતીય ક્રિકેટરો સાથે મુલાકાત કરી તેમનું મનોબળ વધાર્યું હતું**

અમદાવાદ, તા.૨૦

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ફાઈનલ મેચ રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયા ભારતને ૬ વિકેટથી હરાવી છટ્ઠી વખત ચેમ્પિયન બન્યું હતું.

આ હાર બાદ રોહિત શર્મા, વિરાટ કોહલી અને મોહમ્મદ સિરાજ સહિત ટીમના તમામ ખેલાડીઓ નિરાશ દેખાયા હતા. ઓસ્ટ્રેલિયા સામે હાર બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડ્રેસિંગરૂમમાં ભારતીય ક્રિકેટરો સાથે મુલાકાત કરી તેમનું મનોબળ વધાર્યું હતું. આ મુલાકાતની કેટલીક તસવીરો સામે આવી છે.

ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પીએમ સાથે ડ્રેસિંગરૂમની તસવીર શેર કરી છે. તસવીર શેર કરતા જાડેજાએ લખ્યું, 'અમારી ટૂર્નામેન્ટ ઘણી સારી હતી, પરંતુ અમે ફાઈનલમાં હારી ગયા.

આપણે બધા દુઃખી છીએ, પરંતુ આપણા દેશના લોકોનો સપોર્ટ આપણને આગળ લઈ જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડ્રેસિંગરૂમમાં પહોંચ્યા હતા. તેમની મુલાકાત ખાસ અને ખૂબ જ પ્રેરણાદાયી હતી.'

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અમદાવાદમાં રમાયેલી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ફાઈનલ મેચ જોવા માટે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોટી-મોટી હસ્તીઓ આવી હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બીજી ઈનિંગ દરમિયાન સ્ટેડિયમમાં દેખાયા હતા. પીએમ સાથે ગૃહમંત્રી અમિત શાહ પણ જોવા મળ્યા હતા.

ફાઈનલ મેચ જોવા માટે શાહરૂખ ખાન, ગૌરી ખાન, આશા ભોસલે, અનુષ્કા શર્મા, અથિયા શેટ્ટી, દીપિકા પાદુકોણ જેવા બોલીવૂડ સેલેબ્સ પણ સ્ટેડિયમ પહોંચ્યા હતા.

### વર્લ્ડકપ વિજય બાદ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સે ભાન ગુમાવ્યું

## ટ્રોફી ઉપર પગ મૂકીને બેઠેલા ઓસી. ક્રિકેટરનો ફોટો વાયરલ

**ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન દ્વારા આ ફોટો શેર કરવામાં આવ્યો, મિચેલ માર્શે તેના બંને પગ વર્લ્ડકપની ટ્રોફી પર રાખેલા છે**

અમદાવાદ, તા.૨૦




ક્રિકેટ વર્લ્ડકપના ફાઈનલ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને છઠ્ઠી વખત વર્લ્ડકપ જીતી લીધો છે. જોકે, ટ્રોફીને સન્માન આપવાની બાબતમાં ઓસ્ટ્રેલિયનો ઉણા ઉતર્યા હોય તેમ લાગે છે. વિજયના નશામાં ઓસ્ટ્રેલિયન ટીમના ખેલાડીઓને પોતાની વર્તણૂકનો પણ ખ્યાલ નથી એવું લાગે છે. હાલમાં એક ફોટો વાઈરલ થયો છે જેમાં ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ વર્લ્ડકપની ટ્રોફી પર બે પગ રાખીને બેઠા છે. આ તસવીરના કારણે સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો છે અને તમામ ક્રિકેટ ચાહકો ઓસ્ટ્રેલિયાની ટીકા કરે છે.ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સ દ્વારા આ ફોટો શેર કરવામાં આવ્યો છે. વાઈરલ તસવીરમાં જોવા મળે છે કે ઓસ્ટ્રેલિયન બેટ્સમેન મિચેલ માર્શે તેના બંને પગ વર્લ્ડકપની ટ્રોફી પર રાખેલા છે. આ ફોટો ક્યારે અને કેવી સ્થિતિમાં પાડવામાં આવ્યો તથા તેની પાછળની સચ્ચાઈ શું છે તે હજુ સ્પષ્ટ



થયું નથી. પરંતુ ક્રિકેટચાહકોને બહુ લાગી આવ્યું છે. તેમનું કહેવું છે કે ઓસ્ટ્રેલિયન ક્રિકેટરો જીતના નશામાં ભાન ભુલ્યા છે. નહીંતર જે ટ્રોફીને માથે ચઢાવવાની હોય તેના પર આ રીતે પગ રાખીને બેસવાનું ન હોય.ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ તરફથી પણ હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી.

વર્લ્ડકપ એક એવી ટ્રોફી છે જેના માટે ૧૦ ટીમો વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો અને જે ટીમો લિગ મેચ અથવા સેમી ફાઈનલમાં હારી જતી હતી તેમની આંખોમાં આંસુ આવી જતા હતા. ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ફાઈનલ મેચમાં ભારતીય ટીમ હારી ગઈ ત્યારે મેદાનમાં સોંપો પડી ગયો હતો. ભારતીય ક્રિકેટરો ડ્રેસિંગ રૂમમાં જઈને રડ્યા હતા કારણ કે ક્રિકેટ વર્લ્ડકપ સાથે એટલી બધી લાગણી સંકળાયેલી છે. જયારે ઓસ્ટ્રેલિયા માટે આ ઈમોશનને કોઈ સ્થાન ન હોય તેવું લાગે છે. ઓસ્ટ્રેલિયા છ વખત વર્લ્ડકપની ટ્રોફી જીત્યું છે અને તે આ કપને સન્માન આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ મિચેલ માર્શ આ રીતે વર્લ્ડકપ પર પગ રાખે તે આઘાતજનક છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટરો વર્લ્ડકપને પોતાના પગ નીચે રાખે તેના કારણે લોકોમાં જાતજાતની પ્રતિક્રિયા આવી રહી છે. કેટલાકનું કહેવું છે કે, "આપણા માથાનો જે તાજ હોય તે તેમના માટે પગની જુતી બરાબર છે". બીજા અમુકે લખ્યું કે "વર્લ્ડકપને તેઓ (ઓસ્ટ્રેલિયનો) જીત્યા છે. હવે તેની સાથે તેઓ જે કરવું હોય તે કરે. આપણે શું?"

# કેન્દ્રીય મંત્રીએ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટની ગૌશાળા ખાતે જન્મેલી ગાયને ગોળ ખવરાવી ભારતીય સંસ્કૃતિ મુજબ વધામણા કર્યા





ભારત સરકારના બ્રીડ સુધારણા કાર્યક્રમ હેઠળ આઈ.વી.એફ. ટેકનોલોજીના પ્રયોગ દ્વારા અમરેલીની અમર ડેરીના ગીર ગાયના સંવર્ધન માટે તૈયાર કરવામાં આવેલા સેન્ટર ઓફ એકસેલન્સ હેઠળ ગીર ગાયના એમ્બ્રીયોથી આઈ.વી.એફ. ટેકનોલોજી દ્વારા જન્મેલી પ્રથમ વાછરડીના કેન્દ્રીય પશુપાલન ડેરી અને મત્સ્યોદ્યોગ મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ દિવાળીની પૂર્વ સંધ્યાએ અમરેલી મુકામે વધામણા કર્યા હતા. અમરેલીની નેત્ર ચિકિત્સા ટ્રસ્ટની ગૌશાળા ખાતે ગત તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ જન્મેલી વાછરડી અને ગાયને ગોળ ખવરાવી કેન્દ્રીય પશુપાલન મંત્રીએ ભારતીય પરંપરા મુજબ વધામણા કર્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ કે, ભારત સરકારના બ્રીડ સુધારણા કાર્યક્રમ હેઠળ આઈ.વી.એફ.ના પ્રયોગ દ્વારા ગીર ગાયના એમ્બ્રીયો પ્રત્યાર્પણ વડે પહેલીવાર ગીર ગાયની વાછરડી જન્મી છે. પશુપાલકો આ ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી અને પશુ ઓલાદ સુધારણા કરે અને ઉચ્ચ પ્રકારની ઓલાદની ગીર ગાયની સંખ્યા વધે અને તેનું સંવર્ધન થાય તેના માટે આ યોજના કાર્યરત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની આ યોજના સાકાર થતા આઈ.વી.એફ.થી ગીર ગાયની પહેલી વાછરડી અમરેલીની ધરતી પર જન્મી છે. કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યુ કે, ગીર ગાયનો એમ્બ્રીયો અમર ડેરીની લેબ હેઠળની વાનમાં તૈયાર કરવામાં આવ્યો હતો. આ અંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ જણાવ્યુ કે, ગીર ગાયની ઓલાદના અંડ બીજ અને આ જ ઓલાદના આખલાના વીર્ય દ્વારા ગીરની જ ધરા પર પહેલી વાર એમ્બ્રીયો અમર ડેરીની લેબમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યો હતો. આમ, દેશી ગીર ગાયમાં આઈ.વી.એફ.થી વાછરડીના જન્મનો આ પ્રથમ સ્થાનિક કિસ્સો છે. આ એમ્બ્રીયો અમર ડેરીના પશુ ચિકિત્સક ડો. રાઘવેન્દ્રએ તૈયાર કર્યો હતો અને ડો. સામંત ધ્રાંગુ ગાયમાં પ્રત્યાર્પણ કર્યો હતો. એમ્બ્રીયો તૈયાર કરવા માટેના પશુ બીજ દાનની પ્રક્રિયા વિશે માહિતી આપતા ગૌશાળા સંચાલક ડો. અર્પણ જાનીએ જણાવ્યુ હતુ કે, આ એમ્બ્રીયો ગત તા. ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રતાપપરા સ્થિત ફાર્મ પર વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં એકત્રિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમરે ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા અને ડેરીના સેન્ટરના કર્મયોગીઓને કેન્દ્રીય મંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા અને આ ટેકનોલોજી થકી દેશમાં ઉચ્ચપશુ ઓલાદનું સંવર્ધન થઈ શકશે તેવી આશા વ્યકત કરી હતી. વાછરડીના જન્મ સમયે પશુપાલન વિભાગના લાઈવ સ્ટોક ઈન્સપેકટર શૈલેષભાઈએ વાછરડીના જન્મ માટે ઉઠાવેલી જહેમત બદલ કેન્દ્રીય મંત્રીએ તેમનું પણ સન્માન કરી અને તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન, ગૌશાળાના ટ્રસ્ટીગણ અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દિવાળીના બાદથી જ સતત ઠંડીના પ્રમાણમાં વધારો

# રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો, હજુ વધશે પ્રમાણ, ૫ દિવસ બાદ વરસાદની આગાહી

અમદાવાદ,તા. ૨૦

રાજ્યમાં ઠંડીનુ પ્રમાણ વધવા લાગ્યુ છે. દિવાળીના બાદથી જ સતત ઠંડીના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. આગામી પાંચેક દિવસ બાદ વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે.

જોકે વરસાદ બાદ ઠંડીનુ જોર વધવાની શક્યતા છે. હવામાન વિભાગે આ માટે આગાહી કરી છે કે, આગામી સપ્તાહે હવામાન કેવુ રહેશે. નવેમ્બર માસના અંતિમ દિવસોમાં ઠંડીનુ પ્રમાણ વધવા લાગશે એટલે કે ઠંડીનુ જોર વધવા લાગશે.

રાજ્યમાં હજુ તો શિયાળાની શરૂઆત પણ બરાબર નથી થઈ. હજુ ઠંડી સામાન્ય વર્તાઈ રહી છે. ત્યાં રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને લઈને રાજ્યમાં શિયાળ વચ્ચે કમોસમી વરસાદ જોવા મળશે. જે હવામાન વિભાગની વરસાદને લઈને આગાહી છે.

તો ૫ દિવસ બાદ પડનાર વરસાદ બાદ ઠંડીમાં પણ વધારો થવાની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. જોકે ૫ દિવસ બાદ ૬ અને ૭ માં દિવસે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી આવી છે. એટલે કે ૨૫ અને ૨૬ નવેમ્બરે કમોસમી રાજ્યમાં વરસાદ રહેશે. જ્યાં સામાન્ય થી મધ્યમ કમોસમી વરસાદ રહી શકે છે. આમ આગામી દિવસોમાં રાજ્યમાં માવઠાની આગાહી કરવામાં આવી છે.

૨૫ નવેમ્બરે દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરાઈ છે. તો ૨૬ નવેમ્બરે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કેટલાક સ્થળે વરસાદની આગાહી કરવામાં આવી છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા અને એક ટ્રફ બનતા વરસાદની આગાહી કરવામાં આવી છે. જે કમોસમી વરસાદ બાદ તાપમાનમાં ૪ ડિગ્રી જેટલું તાપમાન ઘટતા ઠંડીમાં વધારો થશે.

### વર્લ્ડ કપમાં સતત ૧૦ મેચના વિજય પર પાણી ફરી વળ્યું

# ધ્રૂસકે-ધ્રૂસકે રડતા ખેલાડીઓને જોઈને દુઃખ થયું : રાહુલ દ્રવિડ

નવી દિલ્હી, તા.૨૦

વર્લ્ડ કપ ૨૦૨૩ની સેમિફાઈનલ સહિત પહેલાની તમામ ૧૦ મેચમાં જીતના રથ પર સવાર ભારતીય ટીમ ફાઈનલની જંગ હારી ગઈ છે. ખિતાબની મેચમાં મેક્સવેલના બેટથી વિનિંગ રન નીકળ્યા તો ભારતના ખેલાડીઓની આંખો ભરાઈ ગઈ. મોહમ્મદ સિરાજ મેદાન પર જ ખૂબ રડતા નજર આવ્યા તો કેપ્ટન રોહિત શર્મા ભીની આંખો સાથે સૌથી પહેલા ડ્રેસિંગ રૂમ તરફ જતા રહ્યા.

મેદાન પર અન્ય ખેલાડીએ પોતાના પર કંટ્રોલ કરેલો હતો પરંતુ તમામ ડ્રેસિંગ રૂમમાં પહોંચ્યા તો ભાવુક થઈને ધ્રૂસકે-ધ્રૂસકે રડતા નજર આવ્યા. આની જાણકારી પોતે હેડ કોચ રાહુલ દ્રવિડે આપી છે. તેમણે કહ્યુ કે તેઓ ખેલાડીઓના દુઃખને જોઈ શક્યા નહીં. રાહુલ દ્રવિડે જણાવ્યુ કે રોહિત શર્મા ખૂબ નિરાશ છે, તેમની સાથે જ ડ્રેસિંગ રૂમમાં ઘણા ખેલાડી નિરાશ નજર આવ્યા. ડ્રેસિંગ રૂમમાં ભાવનાઓનું પૂર ઉમટ્યુ છે. તમામ ભાવુક નજર આવ્યા અને કોચ તરીકે મારા માટે એ જોવુ ખૂબ મુશ્કેલ હતુ, કેમ કે મને ખબર છે કે તમામે કેટલી મહેનત કરી. તેમણે શું યોગદાન અને કેટલુ બલિદાન આપ્યુ છે. આ કોચ તરીકે જોવુ ખૂબ અઘરુ છે. કેમ કે હુ આ બોયઝને વ્યક્તિગતરીતે ઓળખુ છુ. દ્રવિડે આગળ જણાવ્યુ કે અમે ગયા મહિને કેટલી મહેનત કરી, અમે જે રીતે રમ્યા, તે બધાએ જોયુ. પરંતુ આ રમત છે અને રમતમાં આવુ પણ થાય છે. શ્રેષ્ઠ ટીમ જીતી ગઈ. મને વિશ્વાસ છે કે કાલે ફરીથી સૂરજ નીકળશે... અમે આનાથી શીખીશુ અને વિચાર કરતા આગળ વધીશુ. રમતમાં તમારી પાસે અમુક મહાન સિદ્ધિઓ છે. તમે આગળ વધતા રહો. રોકાવ નહીં કેમ કે જો તમે પોતાને દાવ પર લગાવતા નથી તો તમને ઊંચાઈઓ અને ઘટાડાનો અનુભવ થશે નહીં.

વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા પહેલી તમામ ૯ મેચ જીતનારી વિશ્વની પહેલી ટીમ બની છે. જે બાદ સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડને પણ હરાવ્યુ પરંતુ દુર્ભાગ્યવશ ફાઈનલમાં ટીમ ઈન્ડિયા આશાઓ પર ખરી ઉતરી શકી નહીં અને ટ્રોફી ઓસ્ટ્રેલિયાએ જીતી લીધી.

### સાકેત નિલયમ ખાતે સંઘ પરિવારની બેઠક યોજાઈ

# વડાપ્રધાન ૨૨ જાન્યુઆરીએ બપોરે ૧૨:૨૦ વાગ્યે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરશે

### સમારોહના પ્રચારને ચાર તબક્કામાં વહેંચીને તૈયારીઓને આગળ ધપાવવાનો નિર્ણય, પ્રથમ તબક્કો ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે

અયોધ્યા, તા.૨૦

વર્ષે ૨૨ જાન્યુઆરીએ પીએમ નરેન્દ્ર મોદી અભિજીત મુહૂર્ત મૃગાશિરા નક્ષત્રમાં બપોરે ૧૨:૨૦ વાગ્યે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરશે. આ કાર્યને આંતરરાષ્ટ્રીય બનાવવા માટે રવિવારે સાકેત નિલયમ ખાતે સંઘ પરિવારની બેઠક યોજાઈ હતી. જેમાં સમારોહના પ્રચારને ચાર તબક્કામાં વહેંચીને તૈયારીઓને આગળ ધપાવવાનો નિર્ણય લેવાયો હતો.

પ્રથમ તબક્કો રવિવારથી શરૂ થયો હતો અને ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. જેમાં સમારોહના એજન્ડાની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. તેના માટે નાની-નાની સમિતિઓ બનાવાશે. જિલ્લા અને બ્લોક સ્તરે ૧૦-૧૦ લોકોનું જૂથ બનાવવા માટે સંમતિ આપવામાં આવી છે.

મંદિર આંદોલનના કારસેવકોને પણ ટીમમાં સામેલ કરવામાં આવશે. આ ટીમ ૨૫૦ સ્થળોએ સભાઓ યોજશે અને વધુને વધુ લોકોને સમારોહમાં સામેલ થવા અપીલ કરશે. બીજો તબક્કો ૧ જાન્યુઆરીથી શરૂ થશે. જેમાં ઘર-ઘર સંપર્ક યોજના હેઠળ ૧૦ કરોડ પરિવારોમાં પૂજાતી અક્ષત, રામલલ્લાના વિગ્રહનું એક ચિત્ર અને એક પત્રિકા આપવામાં આવશે.

જેના દ્વારા લોકોને વિધિના દિવસે દીપોત્સવ મનાવવા અપીલ કરવામાં આવશે. ત્રીજા તબક્કાની શરૂઆત ૨૨ જાન્યુઆરીએ થશે. તે દિવસે એવું વાતાવરણ ઊભું કરાશે કે આખા દેશમાં ઉજવણી થાય અને દરેક ઘરમાં ધાર્મિક વિધિઓ થાય.

ચોથા તબક્કામાં દેશભરના ભક્તોને રામલલ્લાના દર્શન કરાવવાની યોજના છે. આ તબક્કો ગણતંત્ર દિવસથી શરૂ થશે અને ૨૨ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ અભિયાન પ્રાંતવાર ચલાવવામાં આવશે. ૩૧મી જાન્યુઆરી અને ૦૧મી ફેબ્રુઆરીએ અવધ પ્રાંતના કામદારોને દર્શન આપવાની યોજના છે.

# અમદાવાદ-વસ્ત્રાલ ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન





અમરેલી, તા. ૨૦

તા.૨૦/૧૧/૨૦૨૩ને રવિવારે સવારે ૯:૦૦ કલાકે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન દિવ્યાબેન યોગેશભાઈ ઘંટે નાં હસ્તે અમદાવાદ, વસ્ત્રાલ ખાતે સંપન્ન થયું.

આ શુભ પ્રસંગે યોગેશભાઈ એન. ઘંટે, બીસમ શેખ(પાર્લર મેનેજર), મયુર નાગર(એસ.એમ.ઓ.), આકાશભાઈ(શીતલ આઈસ્ક્રીમ ડીસ્ટ્રીબ્યુટર) તેમજ આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતા. તેવું શીતલ કુલ પ્રોડકટ્સ લીમીટેડ અમરેલીનાં ફ્રેન્ચાઈઝી હેડ, દીપકભાઈ આર. જોષીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## જાહેર નોટિસ

આથી આપશ્રી વાહન માલીકો/વાહન કબ્જેદારો/વીમા કંપની/ફાઈનાન્સ કંપની વિગેરેનાઓને જણાવવાનું કે, અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે બિન વારસી કુલ ૪૩ વાહનો કબ્જે કરવામાં આવેલ છે. જે વાહનો માલીકોની શોધખોળ કરતા મળી આવેલ ન હોય અને પોતાનું વાહન છોડાવવાની આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી જેથી આ વાહનો અત્રેના પો.સ્ટે.માં બિનવારસી હાલતમાં પડી રહેલ છે. આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૭ માં વાહન છોડાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા લગત વાહન માલીક તમામને જણાવવામાં આવે છે. અથવા તો અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ આવી પોતાના વાહનનો આધાર પુરાવો લઈને આવવા જણાવવામાં આવે છે. જો એમ કરવામાં આપ કસુર કરશો તો આપનું વાહન છોડાવવા માંગતા નથી તેવું માની લઈ કાયદાકીય નિયમોનુસાર વાહનોના નિકાલ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને વાહનોની જાહેર હરાજી કરી હરાજીમાં ઉપજેલ નાણા સરકારશ્રી ખાતે જમા કરાવવામાં આવશે તેમજ આપના તરફથી આ અંગે કોઈ વાંધાજનક હોય તો સબંધીત પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ અગર તો લેખીત રજુઆત કરવી ત્યારબાદ આવેલ કોઈ રજુઆત ને ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને આ સબંધે જેની સર્વેને નોંધ લેવા વિનંતી છે.

અમરેલી રૂરલ પો.સ્ટે. નંબર-૦૨૭૯૨ ૨૨૩૧૯૮

તા.૧૭/૧૧/૨૦૨૩

(પી.બી. લક્કડ)
I/C પોલીસ ઇન્સ્પેક્ટર
અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારની માંગ

# ધારીનાં સરસીયા ખાતે અનુ.જાતિ ૫૪ પરિવારોને ફાળવેલ જમીનનો કબ્જો સોંપવા માંગ

### ૪૦ વર્ષ પહેલા જમીન ફાળવાઈ છતાં પણ અન્યાય

અમરેલી, તા. ૨૦

અમરેલી જીલ્લાનાં સરસીયા ખાતે અનુસૂચિત જાતિનાં ૫૪ પરિવારોને વર્ષ ૧૯૮૨માં કાગળ પર ફાળવેલ જમીનના પ્રત્યક્ષ કબ્જા મળે તે માટે કાર્યવાહી કરવા બાબતે અમરેલી જીલ્લાનાં કલેકટરને લખેલ પત્રમાં કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી અને કોઈપણ જાતનો જવાબ આપવાની તસ્દી લીધેલ નથી. ગુજરાત રાજયનાં દરેક જિલ્લાનાં દરેક તાલુકામાં રહેતા અનુસુચિત જાતિ વર્ગ સમૂહના લોકોને સરકાર દ્વારા જમીન ફાળવણી અંગેના હુકમો થઈ ગયેલ હોય અને પ્રત્યક્ષપણે કબજો મળેલ ન હોય અને જમીન હક કાગળ પર મળેલ હોય તેવા અનુસુચિત જાતિના લોકોને ગુજરાત સરકાર, સેક્રેટરી, મહેસુલ વિભાગ દ્વારા તારીખ ૧૯/૨/૨૦૧૮ ના રોજ કરેલ પરિપત્ર મુજબ તાત્કાલિક જમીનનો પ્રત્યક્ષપણે કબજો પોલીસ રક્ષણ સાથે આપવા જોઈએ.

ધારી તાલુકાના સરસીયા ગામે ૧૯૮૨ માં અનુસૂચિત જાતિના ૫૪ લોકોને સરકારે સાથણીમાં જમીન ફાળવેલ છે, ૪૦ વર્ષ પછી પણ હજુ કબ્જા મળેલ નથી. કેરીયાનાગસમાં પોલીસ રક્ષણ સાથે કબ્જા અપાવ્યા બાદ જેનો ગેરકાયદેસર કબ્જો હતો તેઓએ ફરીથી અનુસૂચિત જાતિના લોકો પાસેથી જમીન આંચકી લીધી છે. ૧૯૮૨ માં સરકારે અનુસૂચિત જાતિના લોકોને જીવન નિર્વાહ માટે ફાળવેલ/આપેલ જમીનના કબ્જા સોંપવામાં આવેલ નથી?

સરકારે અનુસૂચિત જાતિના લોકોને ફાળવેલ જમીન પર હાલ કોનો કબ્જો છે? આવા સવાલોનો સ્થાનિક તંત્ર દ્વારા કોઈજ જવાબ નથી. સરકારે અનુસૂચિત જાતિના લોકોને જીવન નિર્વાહ માટે ફાળવેલ જમીનનો કબ્જો સોંપવામાં આવેલ નથી તો કેમ કબ્જો આજદિન સુધી સોંપવામાં આવેલ નથી? તે એક પ્રશ્ન છે જેનો કોઈ અધિકારી પાસે જવાબ નથી.

અનુસૂચિત જાતિના લોકોને ફાળવેલ જમીન હકીકતમાં તેઓને મળેલ છે કે કેમ? તેની તપાસ થાય તો કોઈપણ વ્યકિતને ફાળવેલ જમીન પર પ્રત્યક્ષ કબ્જો આપેલ નથી.

સરકારનાં હુકમ બાદ જમીન કેમ હજુ સુધી ફાળવવામાં આવેલ નથી? તેવો લોકોમાં સવાલ ઉભો થયો છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર ખાતેથી અમરેલી કલેકટર પાસે એક્શન ટેકન રિપોર્ટ માંગેલ અને કાર્યવાહી કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી આ પત્રનો અમોને કોઈજ જવાબ જે તે સબંધિત વિભાગ તરફથી મળેલ નથી જેથી આ મુદ્દે જે તે સબંધિત વિભાગ કે અધિકારીઓ દ્વારા પત્રની સૂચના મુજબ કાર્યવાહી કરેલ નથી.

ધારી તાલુકાનાં સરસીયા ગામે અનુસૂચિત જાતિનાં લોકોને સરકારી પડતર જમીન સરકાર દ્વારા ફાળવવામાં આવેલ હતી પણ પ્રત્યક્ષ કબ્જા આપવામાં આવેલ નથી. જેથી આ બાબતે જીલ્લા કલેકટર દ્વારા અનુસૂચિત જાતિના લોકોને સાથણીમા સરકારે ફાળવેલ જમીન જે અનઅધિકૃત લોકોના કબ્જામાં હોય તેના દબાણ દૂર કરી અનુસૂચિત જાતિના લોકોને કબ્જો આપવા સામાજિક કાર્યકર્ત કાંતિલાલ પરમારે માંગ કરેલ છે.

### સતત દસ વિજય બાદ ભારત ફાઈનલમાં ફસડાયું

# ટીમ ઈન્ડિયાનું ગૌતમ ગંભીર-વિરેન્દ્ર સહેવાગે મનોબળ વધાર્યું

નવી દિલ્હી, તા.૨૦

વર્લ્ડ કપ ૨૦૨૩ ભારતીય ટીમ હારી જતાં ત્રીજી વખત ચેમ્પિયન બનાવાનું સપનું રોળાયું છે અને ક્રિકેટના કરોડો ચાહકો સાથે ખેલાડીઓનું પણ મનોબળ તુટી ગયું હતું અને ફાઈનલમાં મળેલી હારથી ભાવનાઓ પર કાબુ રાખી શક્યા ન હતા ત્યારે ગંભીર અને સેહવાગે ટીમને સપોર્ટ કરીને મનોબળ વધાર્યું હતું.

વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર વર્લ્ડ ચેમ્પિયનને છાજે તેવું પ્રદર્શન કરીને ભારતને છ વિકેટે પરાજય આપ્યો હતો અને છઠ્ઠી વખત વિશ્વ વિજેતા ટીમ બની હતી. ભારતીય ટીમ અપેક્ષા મુજબનું પ્રદર્શન ન કરી શકતા ૧૨ વર્ષ બાદ ફરી વર્લ્ડ જીતવાનું સપનું તુટી ગયું હતું અને આ હાર બાદ ભારતીય ટીમના ખેલાડીઓના ચહેરા પર નિરાશા જોવા મળી હતી. જો કે ભારતની ૨૦૧૧ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય અને પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીર અને વીરેન્દ્ર સેહવાગ ભારતીય ટીમના સપોર્ટમાં આવ્યા હતા અને તેમણે ટીમનુંએક્સ (અગાઉનું ટ્વીટર) પર આ રીતે મનોબળ વધાર્યું હતું.વર્લ્ડ કપ ૨૦૧૧ની ફાઈનલમાં શાનદાર ઈનિંગ રમાનાર પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીરે 'એક્સ' (અગાઉ ટ્વિટર) પર ટીમ ઈન્ડિયા માટે લખ્યું હતું કે 'જેમ મેં કહ્યું છે, આપણે ચેમ્પિયન છીએ, તો તમારું માથું ઊંચું રાખો બોયઝ... ઓસ્ટ્રેલિયાને ખૂબ-ખૂબ અભિનંદન. આ ઉપરાંત પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગે એક્સ' (અગાઉ ટ્વિટર) પણ ટીમને સપોર્ટ કરતા લખ્યું હતું કે વર્લ્ડ કપ જીતવા પર ઓસ્ટ્રેલિયાને ખૂબ ખૂબ અભિનંદન. ફાઈનલના દિવસે તે શ્રેષ્ઠ ટીમ હતી. ટ્રેવિસ હેડ એકદમ અકલ્પનીય હતો, વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ફાઈનલમાં મેન ઓફ ધ મેચ હતો. ઓસ્ટ્રેલિયા માટે સેમિફાઈનલ અને વર્લ્ડ કપ ફાઈનલમાં અત્યાર સુધીની શ્રેષ્ઠ ઈનિંગ રમી અને મેચ પૂરી કરી. ઈજાના કારણે વર્લ્ડ કપના પ્રારંભિક ભાગમાં તે રમી ન શક્યો તેમ છતાં તેને ટીમમાં રાખવાનો ઓસ્ટ્રેલિયાનો નિર્ણય એક શાનદાર નિર્ણય હતો. આપણા ખેલાડીએ સમગ્ર ટુર્નામેન્ટમાં જે પ્રયત્નો કર્યા તેના માટે આપણે માથું ઊંચું રાખી શકીએ છીએ. તેઓએ સમગ્ર વિશ્વ કપ દરમિયાન આપણને ઘણી ખુશીની ક્ષણો આપી પરંતુ દુર્ભાગ્યવશ તે ફાઈનલમાં વિજયની રેખા પાર કરી શક્યા નહીં.

# વિશ્વકપ ફાઈનલમાં ભારતની હારથી નિરાશ પ્રશંસકે કરી લીધી આત્મહત્યા

### વિશ્વકપ ફાઈનલમાં ભારતની હાર સહન કરી શક્યો નહીં

બાંકુડા, તા.૨૦

ક્રિકેટ વિશ્વકપમાં ભારતની હારથી નિરાશ એક યુવક દ્વારા આપઘાત કરવાનો મામલો સામે આવ્યો છે. યુવકની ઉંમર માત્ર ૨૩ વર્ષ હતી. યુવકની ઓળખ રાહુલ લોહારના રૂપમાં થઈ છે અને તે કટ્ટર ક્રિકેટ પ્રશંસક હતો. પ્રાપ્ત જાણકારી અનુસાર રાહુલ ક્રિકેટ વિશ્વકપમાં ભારતની હાર સ્વીકારી શક્યો નહીં અને તેણે ડિપ્રેશનમાં આવી ઘરમાં આપઘાત કરી લીધો. તેના પરિવારનો દાવો છે કે રાહુલે ભારતની હારને કારણે આત્મહત્યા કરી છે. ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયાએ ભારતીય ટીમને વનડે વિશ્વકપ ૨૦૨૩ના વિશ્વકપમાં ૬ વિકેટથી પરાજય આપ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ રમતના ત્રણેય ડિપાર્ટમેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ઓસ્ટ્રેલિયા માટે ટ્રેવિસ હેડે સદી ફટકારતા ૧૩૭ રન બનાવ્યા હતા. આ કારણે કાંગારૂ ટીમ છઠ્ઠીવાર આઈસીસી ટ્રોફી જીતવામાં સફળ રહી હતી. અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શરૂઆતમાં ભારતીય ટીમે ૧૦ ઓવરમાં ૮૦ રન બનાવી લીધા હતા, પરંતુ રોહિત શર્મા આઉટ થયા બાદ ભારતીય બેટરો દબાવમાં આવી ગયા હતા. ભારતીય ટીમે નિયમિત અંતરે વિકેટ ગુમાવી અને ટીમ ૨૪૦ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત માટે રોહિતે ૪૭, વિરાટ કોહલીએ ૫૪ અને કેએલ રાહુલે ૬૬ રન ફટકાર્યા હતા. જ્યારે ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટાર્કે ત્રણ, કમિન્સ અને હેઝલવુડે બે-બે વિકેટ ઝડપી હતી. જ્યારે બેટિંગમાં લાબુશેને અડધી સદી અને ટ્રેવિસ હેડે સદી ફટકારી હતી. બંનેએ ચોથી વિકેટ માટે ૧૯૨ રનની ભાગીદારી કરી હતી.

# સા.કુંડલા ખાતે ૭૦માં અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનાર યોજાયો










ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને ગુજરાત રાજય સહકારી સંઘનાં દિશાનિર્દેશો અનુસાર અને અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે ઉભરતા ક્ષેત્રો અને સહકારી મંડળીઓ માટે વ્યવસાય કરવાની સરળતા વિષય પર અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડનાં અધ્યક્ષ દીપકભાઈ માલાણી, અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકનાં ઉપાધ્યક્ષ અરૂણભાઈ પટેલ, અમરેલી જિલ્લા સહકારી સંઘનાં એક્ઝીકયુટીવ ભાર્ગવકુમાર ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે અધ્યક્ષ સ્થાનેથી મનીષ સંઘાણી દ્વારા વિષય વસ્તુ ઉભરતા ક્ષેત્રો અને સહકારી મંડળીઓ માટે વ્યવસાય કરવાની સરળતા પર માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, સહકારી ચળવળ હેઠળ હવે કૃષિ, માછીમારી, આવાસ, ગ્રાહક, માર્કેટિંગ શ્રમ, ડેરી, ખાતર ધિરાણ વગેરે જેવા લગભગ તમામ ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે. પરંતુ એવા પણ ઘણા બધા ક્ષેત્રો છે. જેમાં સહકારી મંડળીઓએ હજુ આપણાં દેશના સામાજિક આર્થિક વિકાસ માટે પ્રવેશ કરવાનો બાકી છે. દેશની ૬૬% યુવા વસ્તી (૮.૮ મિલિયન) સાથે ભારત વિશ્વમાં સૌથી યુવા દેશ તરીકે ઉભરી આવ્યું છે. અને તેથી બેરોજગારી સંકટને નિવારવા અને રાષ્ટ્રીય અર્થતંત્રને સહયોગ આપવા માટે સહકારી મંડળીઓ-સંસ્થાનાં હજુ વધુ પ્રસાર માટે વિપુલ તકો છે.

# બાબરાનાં નીલવડા ખાતે માધ્યમિક શાળાનું ભૂમિપૂજન કરાયું






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાનાં નિલવડા ગામે માધ્યમિક શાળાનાં બિલ્ડિંગનું અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી કે.વી. મિયાણી અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ગામ લોકો શાળાના સ્ટાફ તેમજ કોન્ટ્રાકટર તેમજ સ્કૂલ મેનેજમેન્ટ કમિટી દ્વારા ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ગામનાં આગેવાન દિલીપભાઈ ખાચર માજી સરપંચ, દેવાભાઈ ભરવાડ, ભનુભાઈ ખાવડીયા, ગભૃભાઈ ખાચર, વનરાજભાઈ, પુજાભાઈ ગઢવી, આચાર્ય દોમડીયા, ઉમેદભાઈ, સિધ્ધરાજભાઈ સહીતનાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં. સર્વ શિક્ષા અભિયાન અર્તગત એક કરોડ પચ્ચીસ લાખનું બિલ્ડીગ પાસ કરવામાં આવ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં ધારેશ્વર ગામનાં

તાળા તોડી રૂમમાં રાખેલ કબાટ તોડી તેમાં રહેલ તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા પાંચ લાખ સહિત કુલ રૂપિયા ૫.૬૧ લાખના માલમત્તાની ચોરી કરી લઈ ગયાની ઘટનાથી ભારે ચકચાર મચી ગયેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ રાજુલા તાલુકાના મૂળ ધારેર ગામના રહીશ અને હાલ ભચાદર ગામે રહેતા હાકાભાઈ ભોળાભાઈ ધાખડા (ઉ.વ. ૬૦) નામના વૃદ્ધ શ્રમિક ગઈકાલે રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવેલ હતું કે પોતાનો પરિવાર સંયુકત રીતે રહી પોતાના ગામ ધારેર ગામે થોડા દિવસ પહેલા પાકું મકાન બનાવેલ હતું અને આ મકાનના ચાર રૂમને તેમજ ડેલીને તાળું મારી ભચાદર ગામે રહેતા હતા અને પોતાના આ મકાનની દેખભાળ માટે બે–ત્રણ દિવસે પોતાનો પુત્ર આટો મારવા આવતો હતો. ગત તા.૧૫ થી ૧૭ દરમિયાન આ મકાન બંધ હતું. તા.૧૭ ના રોજ સાંજના સમયે પોતાના આ બંધ મકાને આવેલ હતા અને ડેલીનું તાળું ખોલી અંદર દાખલ થતા ચારેય રૂમના તાળા અને દરવાજાના નકુચા તૂટેલા જણાયેલ હતા. રૂમની અંદર તપાસ કરતા તમામ સરસામાન વેરવિખેર પડેલ હતો અને ચોથા નંબરની રૂમમાં રાખેલ કબાટનો દરવાજો તૂટેલા હતો. કબાટમાં રહેલ તિજોરીમાં તપાસ કરતા તેમાં રાખેલ રોકડ રૂપિયા ૫ લાખ તેમજ રૂપિયા ૬૧,૩૭૮ ના સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૫,૬૧,૩૭૮ના મુદામાલની ચોરી થયાનું માલૂમ પડેલ હતું. જે અંગેની ફરિયાદ રાજુલા પોલીસ મથકમાં નોંધાવતા પી.આઈ. સી.એસ. કુગસિયાએ આગળની તપાસ હાથ ધરેલ હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં પૂ. જલારામબાપાનાં

જોડાયા હતા. માર્ગમાં ઠેર–ઠેર પૂ. જલારામબાપાને શત્ શત્ વંદન કરવામાં આવ્યા હતા.

નાયબ દંડક કૌશિક વેકરિયા, પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે પૂ. જલારામબાપાની ચરણવંદના કરી હતી તો વરસડા માર્ગ ખાતે આવેલ જલારામ મંદિરે કેન્દ્રીય મંત્રી રૂપાલાએ પણ પૂ. જલારામબાપાનાં આશીર્વાદ લીધા હતા.

**સાવરકુંડલા**

સંત શિરોમણી પૂજય જલારામબાપાની ૨૨૪ મી જન્મ જયંતિ જલારામ યુવક મંડળ દ્વારા રઘુવંશી ભાઈઓએ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવેલ. શ્રી રમુદાદાની નિશ્રામાં શહેરના મુખ્ય માર્ગો ઉપર ભવ્ય શોભાયાત્રા ફરેલ. બપોરનું જ્ઞાતિ ભોજન સમસ્ત લોહાણા સમાજ દ્વારા કરવામાં આવેલ, સાંજનું ભોજન ઓધવજીભાઈ માધવાણી પરિવાર દ્વારા રાખવામાં આવેલ. નિરંજન પંડયા, વિજયદાન ગઢવી, ગોપી પટેલ દ્વારા રાત્રીના ભવ્ય સંતવાણી પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો.

**બાબરા**

બાબરામાં ચિતલ રોડ પર આવેલ પૂજય જલારામબાપાના મંદિરે બાપાનો ૨૨૪મો પ્રાગટય મહોત્સવનું ભવ્ય આયોજન જય જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. અહીં સવારે બાપાની મહાપૂજા, મહાઆરતી, અન્નકૂટ તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં રઘુવંશી સમાજના લોકો અને ભાવિકો જોડાયા હતા.

**વડિયા**

વડિયા જલારામ જયંતિ નિમિત્તે ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જલારામ બાપાની વિશેષ પુજા અર્ચના કરી હતી. સાથોસાથ વડિયા અને ચુડા રઘુવંશી સમાજ દ્વારા જલારામબાપા અને વિરબાઈ માંનું પાત્ર ભજવ્યું હતું.

વડિયા ખાતે જલારામ બાપાની ૨૨૪ મી જન્મજયંતિ ભાવભેર ઉજવવામાં આવી હતી. વડિયા શહેરમાં મુખ્ય બજારમાં ભવ્ય શોભાયાત્રા સહિતના રાસ ગરબાના કાર્યક્રમો યોજાયા હતા. વડિયા રઘુવંશી સમાજ દ્વારા જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા શહેરમાં ટ્રાફિકની સમસ્યા

બજારોમાં ફરે છે ભારે વાહનોની સમસ્યા પણ વધી છે તેમજ વન વે અમલવારી કરાવી જરૂરી છે તેમજ બગસરાના મેન રસ્તા જેવા કે કુકાવાવ નાકા વિજય ચોક સ્ટેશન રોડ તેમજ સુજલ હોસ્પિટલ પાસે આડેધડ વાહન પાર્કિંગ કરી લોકો ચાલ્યા જાય છે છતાં પોલીસની નિષ્ક્રિયતા જોવા મળે છે નવા પીઆઈની આ ટ્રાફિક સમસ્યામાં શું ભૂમિકા છે તે ખબર નથી અને બગસરામાં પીઆઇ ડીવી પ્રસાદની નિમણૂક હતી ત્યારે કોઈપણજાતનું ટ્રાફિક સમસ્યા થતી ન હતી અને બહુ વ્યવસ્થિત રીતે તેનું પાલન થતું હતું પણ ત્યારબાદ ટ્રાફિકના નિયમોનું કચર ઘાણ નીકળી ગયું છે કોઈ પૂછવા વાળું જ નથી બગસરામાં પોલીસ છે કે નહિ કોઈને ખબર નથી બજારોમાં તેમજ જૂના બસ સ્ટેન્ડથી કુકાવાવ નાકા સુધીમાં ઘણીવાર ૧૦ થી ૧૫ મિનિટ વાહનોનો થડકલો લાગી જાય છે પરંતુ કોઈ કહેવા વાળાં ન હોય એટલે ઘણા વાહન વાળાઓને માથાકૂટ પણ થાય છે કોઈ અનિશ્ચિત બનાવ ન બને તેના માટે આ ટ્રાફિક નિયમોનું અમલવારી જરૂરી છે જિલ્લા પોલીસ વડાને જાગૃત નાગરિકો દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે કે તાત્કાલિક પોલીસનું ધ્યાન દોરી અને ઘટતું કરવા માંગણી કરે છે તેમ પ્રેસ યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું યુવાનોમાં વધતા હાર્ટ એટેકથી

કરીને લોકોને પ્રેરણા ઉભી કરવાનાં પ્રયાસો થઈ રહ્યા છે પરંતુ આ કાર્યવાહી માત્ર ફોટો સેશન પુરતી સીમિત રહી જાય છે. તેને બદલે સ્થાનિક નગરપાલિકાના આરોગ્ય અને ફૂડ ઈન્સ્પેકટરોને કડક સુચના આપી તેમના ઝોનમાં ભેળસેળ નીકળશે તો અથવા પાન–મસાલાનાં કેબીનો ઉપર ગંદકી થતી જોવા મળશે તો તેનું ત્રિમાસિક રાજય લેવલેથી મોનીટરીંગ કરીને જે તે ઝોનનાં અધિકારીની ફરજમાં બેદરકારી માટે કડક કાર્યવાહી કરવાની ફરજ પાડવી જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત દેશનું એક મહત્વનું મોડલ પ્રસ્થાપિત કરવા માટેનું જે સપનું છે તે સપનું સાકાર કરવા માટે અને યુવાધનને સારી બાબતો તરફ વાળવા માટેની એક પ્રેરણા ઉભી કરવાની તાતી જરૂરીયાત હોય તેમ લાગી રહ્યું છે. દેશનાં આરોગ્ય મંત્રીએ કોરોનાથી પ્રભાવિત વ્યકિતઓને હાર્ટ એટેકનું પ્રમાણ વધ્યું છે તેવું એક પ્રેસ મીડિયામાં સ્વીકાર્યુ છે અને આરોગ્ય વિભાગનાં મંત્રી પણ ગુજરાતનાં છે, દેશનાં વડાપ્રધાન તેમજ ગૃહ પ્રધાન સાથો–સાથ દૂધ સાથે જોડાયેલા વિભાગનાં મંત્રી પણ ગુજરાતના છે. આવી તક ભુતકાળમાં ઓછી મળી છે અને ભવિષ્યમાં આવડી મોટી રાજકીય વગ ગુજરાતમાં ઉભી થાય તેની શકયતા ઉપર પ્રશ્નાર્થ ચિન્હ પણ મુકી શકાય. તો તમામ બાબતોને ધ્યાને લઈ નકલી તેલમાં પેકીંગ થતાં પાઉચમાં નકલી ખાદ્ય બાબતોથી બાળકો તેમજ યુવાધનને અવેર કરવામાં આવે અને રાજય લેવલનું સેલ મોનીટરીંગ ગોઠવીને ભેળસેળયુકત મીઠાઈ, તમાકુ તેમજ કોઈપણ ભેળસેળ થતી ખાદ્ય પદાર્થ ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવા માટે કાર્યવાહી કરવા અંતમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

**મોટા આંકડીયા :** મોટા આંકડીયા નિવાસી(હાલ–અમદાવાદ) સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ સ્વ. ભાલચન્દ્રભાઈ હિંમતલાલ જોષી (ઉ.વ. ૭૮) તારીખ ૧૨/૧૧/૨૦૨૩ને રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ. ડો. નિરંજનભાઈ તથા હસમુખભાઈનાં ભાઈ તેમજ ઓમકારભાઈ–બ્રૃહતીબેન (અમેરીકા)નાં કાકા તથા વિશ્વવેદાબેન (કેનેડા)–માધવભાઈ (અમેરીકા)નાં પિતાશ્રી થાય. તેમનું બેસણુ તા. ૨૧/૧૧/૨૩ને મંગળવારે અમારા વતન મોટા આંકડીયા મુકામે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં માણેકપરાનાં યુવકની

હકિકત વાળી કારને કાર ચાલક સાથે પકડી પાડી, જે કારમાં જોતા ભારતીય બનાવટની વિદેશી દારૂની બેગ પાઈપર ડીલક્ષ વ્હીસ્કીની એક લીટરની બોટલો નંગ–૧૦૨ કિંમત રૂપિયા ૬૪,૨૬૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૮ પીએમ સ્પેશ્યલ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ ૬૧ કિમત રૂપિયા ૭,૩૨૦ મળી કુલ બોટલ નંગ ૧૬૩ જેની કુલ કિંમત રૂપિયા ૭૧,૫૮૦ તથા એક કાર નંબર જી.જે.૦૩.એ.બી.૫૦૭૭ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૧ કિ.રૂા. ૧૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૩,૭૨,૫૮૦ નાં મુદ્દામાલ મળી આવેલ. આ બનાવમાં પકડાયેલ અમરેલી, માણેકપરા, શેરી નં. ૭માં રહેતા આરોપી પાર્થ ભરતભાઈ ટાંક વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં વીજપડીમાંથી

વધુ એક ઘટનામાં સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ભાડાની દુકાનમાંથી મહુવાના એક ડિગ્રી વગરના ડોકટરને રૂપિયા દસ હજારની દવા તેમજ મેડિકલ સાધનો સાથે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ટીમે ઝડપી લેતા ભારે ચકચાર મચી ગયેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં ઉઘાડપગા ડોકટરોના કિલનિક બિલાડીના ટોપની જેમ ઊગી નીકળેલ હોય તેમ વધુ એક ઘટનામાં અમરેલી એસ.ઓ.જી. પોલીસના પી.એસ.આઈ. ભટ્ટની ટીમને મળેલ બાતમીના આધારે વીજપડી પીએચસી સેન્ટરના મેડિકલ ઓફિસર કે.વી. આહીરને સાથે રાખી સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ખાદી કાર્યાલયની દુકાન ભાડે રાખી એલોપેથિક દવાઓ આપી દર્દીઓની જિંદગી સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહેલ તફઝુલ હુસેન સરવર હુસેન બુખારી (ઉંમર વર્ષ ૬૩) રે. મુંજાવર સોસાયટી મહુવાવાળા ડિગ્રી વગરના ડોકટરને રૂપિયા ૧૦૨૩૯ ની એલોપેથીક દવાઓ તેમજ અન્ય મેડિકલ સાધનોના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ હતો. ઉઘાડપગા ડોકટરને મુદ્દામાલ સાથે સાવરકુંડલા તાલુકા પોલીસ હવાલે કરવામાં આવેલ હતા.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા પંથકમાં મોબાઈલ ચોરી

૧૧૧૯૩૦૫૦૨૩૦૫૧૬/ ૨૦૨૩ આઈપીસી કલમ–૩૭૯ મુજબ ગુન્હાના કામે ખાનગી બાતમીદારો મારફતે આરોપી અંગે ચોકકસ બાતમી મેળવી, ચોરીના ગુનાને અંજામ આપનાર બે આરોપી જીતેન્દ્રભાઈ રાઘવભાઈ ચૌહાણ તથા મેહુલભાઈ ઉર્ફે દુડી મથુરભાઈ વાઘેલા રહે. રાજુલાવાળાઓને ચોરીમાં ગયેલ મોબાઈલ એક તથા અન્ય ૧૪ મોબાઈલ મળી કુલ–૧૫ મોબાઈલ સાથે ચોરી કરવા ઉપયોગમાં લીધેલ ઈકો ફોરવ્હીલ ગાડી સાથે પકડી પાડી મોબાઈલ ચોરીના ગુન્હાનો ભેદ ગણતરીની કલાકોમાં ઉકેલી તેમજ અન્ય પકડાયેલ મોબાઈલ નંગ–૧૫ કિંમત રૂપિયા ૧,૨૭,૪૯૦ તથા ફોરવ્હીલ નં. જી.જે.–૨૩–એએફ– ૫૮૯૮ કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૯૭,૪૯૦નો મુદ્દામાલને સીઆરપીસી કલમ–૧૦૨ મુજબ શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરી, અનડીટેકટ ગુન્હો ડીટેકડ કરી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

ઝડપાયેલા આરોપીઓની મોબાઈલ ચોરવાની મોડસ ઓપરેન્ડીમાં બંને આરોપીઓ રાજુલાથી ભાવનગર સુધીના કોસ્ટલ હાઈવે ઉપર પસાર થતા રાહદારીઓની નજર ચુકવી તેમજ મજુરના રહેણાંક ઝુપડામાં તકનો લાભ લઈને મોબાઈલો ચોરી કરેલાનુ જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદનાં ટીંબી ખાતે

ભોગવટાના રહેણાક મકાને હારજીતનો પૈસાથી જુગાર રમી રમાડી જુગારધામ ચલાવી રોકડ રકમ રૂપિયા ૪૬,૨૦૦ તથા અલગ–અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ–૪ કિંમત રૂપિયા ૪૫૦૦ સાથે મળી કુલ રૂપિયા ૫૦,૭૦૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતા આરોપી સબાનાબેન રફીકભાઈ અભુભાઈ મુસેત્રાએ પોતાના આર્થીક ફાયદા માટે અન્ય મહિલાઓ લખમીબેન દિનેશભાઈ પંડયા, જસ્મીનબેન રફુબભાઈ મુસેત્રા (ટીંબી), રાજુબેન રામભાઈ ગોહિલ (રહે. ગાંગડા) વિગેરે મહિલાઓને બહારથી બોલાવી પોતાના કબ્જા ભોગવટાના રહેણાક મકાને હારજીતનો પૈસાથી જુગાર રમી રમાડી જુગારધામ ચલાવતા હોય. આ અંગે નાગેશ્રી પોલીસને બાતમી મળતા દરોડો પાડી ચારેય મહિલાઓને રોકડ રકમ રૂપિયા ૪૬,૨૦૦ તથા અલગ–અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ–૪ કિંમત રૂપિયા ૪૫૦૦ સાથે મળી કુલ રૂપિયા ૫૦,૭૦૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


**સંકુલ PG કોલેજ પ્રવેશ ચાલુ – છમાસિક ફી**

| | | | |
|---|---|---|---|
| * MA કોલેજ – સાયકો–Eng. | ૮૧૦૦ | * MBA કોલેજ GTU | ૨૨૫૦૦ |
| * M.Com. કોલેજ EM-GM | ૮૧૦૦ | * MCA કોલેજ GTU | ૨૨૫૦૦ |
| * M.Sc. કોલેજ માઈક્રો–BT | ૨૦૦૦૦ | * B.Pharm. કોલેજ GTU | ૩૦૦૦૦ |
| * M.Sc. કોલેજ કેમેસ્ટ્રી | ૨૦૦૦૦ | * ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૦૬૦૦ |
| * PG-DMLT કોલેજ | ૨૦૦૦૦ | * ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૧૯૦૦ |
| * B.Ed. કોલેજ | ૨૦૦૦૦ | * FY થી PG હોસ્ટેલ | ૧૨૭૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચાલાકડા રોડ, અમરેલી * ફોન: [illegible] - Ad072


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૧ | ૧૪૮૨ |
| ૨ | સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૦ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૧૧૧ | ૧૩૨૨ |
| ૩ | ઘઉં | ૫૩૦ | ૫૫૩ |
| ૪ | ચણા | ૮૮૦ | ૧૧૩૨ |
| ૫ | ધાણા | ૧૦૫૫ | ૧૨૯૧ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૪૨૫ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૯૭૧ |
| ૮ | રાઈ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | સફેદ ચણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

# સાવરકુંડલાના બ્રહ્મપુરી ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ''ગેટ ટુ ગેધર'' કાર્યક્રમ યોજાયો






સાવરકુંડલા શહેરમાં આવેલ બ્રહ્મપુરી ખાતે તારીખ ૧૬ નવેમ્બરના રોજ સાવરકુંડલા ગુરૂકૂળ ના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી ઋષિત માયાણી આયોજિત ગુરૂકુળ સાવરકુંડલાના ૧૯૯૮ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો કૃષ્ણ સુદામા મિલન સ્નેહભીનો ''ગેટ ટુ ગેધર'' કાર્યક્રમ ખૂબ સુંદર અને સ્નેહસભર વાતાવરણમાં યોજાયો. સાવરકુંડલા શહેરના વરિષ્ઠ પત્રકાર તેમજ ગુરૂકુળના ભૂતપૂર્વ શિક્ષક એવા બિપીનભાઈ પાંધી (પાંધીસર)નાં જન્મદિવસની પણ કેક કાપીને આ તકે ખૂબ જ ઉત્સાહપૂર્ણ માહોલમાં સ્વરસાધના સંગીત પરિવારની ભવ્ય મ્યુઝિકલ પાર્ટી સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જીવનના યાદગાર પ્રસંગ સમા ભાવભર્યા દ્રશ્યો સર્જાયા. આમ ગણીએ તો આજના સમયમાં શિક્ષણ એ ઘણું હાઈટેક થતું જાય છે. આંગળીને વેઢે એક ક્લિક કરીએ એટલે માહિતીનો સ્ત્રોત વહેતો જોવા મળે છે. એક ક્લિકથી આજે વિશ્વના કોઈપણ ખૂણે ડીઝીટલ માધ્યમથી જોડાઈ શકાય છે. એવી પરિસ્થિતિમાં ફીઝીકલ શિક્ષણ એ જાણે સ્વપ્નવત્ બનતું જતું હોય તેવું લાગે છે એવી વેળાએ આ વર્ચ્યુઅલ ભ્રાંતિને ખાળવા માટે પણ એક બીજાનો સાક્ષાત્કાર, સહકાર અને મિત્રતાની હૂંફ અને ગુરૂજનનું માર્ગદર્શન ખૂબ જરૂરી બને છે. મિત્રો એટલે ભીંસ પડે ત્યારે ચટ્ટાનની માફક ઉભા રહી મિત્રની મુશ્કેલીને દૂર કરે એ વાત આપણી પ્રાચીન સંસ્કૃતિમાં તો વણાયેલી જ છે અને ગુરૂ એટલે ખરાં અર્થમાં પોતાના શિષ્યો આ અકળાઈ અને મુંઝવણ અનુભવે ત્યારે રાહબરી ભૂમિકા ભજવે છે. એ સંસ્કારનું સિંચન ભાવી પેઢીમાં થાય એ ઉદ્દેશથી પણ આવા સ્નેહમિલનો મિત્ર મિત્ર વચ્ચે તથા ગુરૂ શિષ્ય વચ્ચે એક અનોખી ઉર્જા પ્રદાન કરે છે. આમ પચ્ચીસ વર્ષ એટલે કે જીવનનો એક તૃતિયાંશ ભાગ વિત્યા બાદ મિત્રો અને ગુરૂજનોનું મિલન ખૂબ જ બિરદાવવા લાયક પ્રસંગ ગણી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે આવા મિલન સમારોહ જ નવા રચનાત્મક વિચારોને જન્મ આપતાં હોય છે. આ પ્રસંગે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ પોતાના જૂના સંસ્મરણો વાગોળ્યા હતા અને પોતાના પરિવારજનોને પણ અમે ભણતાં ત્યારના વાતાવરણનો હૂબહૂ શાબ્દિક ચરિતાર્થ રજૂ કરતાં પણ જોવા મળેલ. અમુક વિદ્યાર્થીઓ આ મિલન સમારોહમાં ઉપસ્થિત ન રહી શકયા પરંતુ તેની પણ શાબ્દિક નોંધ લેવામાં આવેલ. આમ દરેક મિત્રો પ્રત્યક્ષ કે પરોક્ષ સાથે હતાં તેવો માહોલ જોવા મળ્યો હતો. આ તકે આ વિદ્યાર્થી વૃંદના ગુરૂજનો ભરતભાઈ જોષી, બિપીનભાઈ પાંધી (પાંધીસર) તથા રેખાબેન મહેતાના આશીર્વાદ લેતાં પણ જોવા મળ્યાં અને સદાય ગુરૂજનોનું માર્ગદર્શન મળતું રહે તેવી અભિલાષા વ્યકત કરવામાં આવેલ. આ પ્રસંગે તેઓનો ગુરૂજન બિપીનભાઈ પાંધી (પાંધીસર)નો જન્મદિવસ પણ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સપરિવાર ઉપસ્થિતિમાં સ્વરસાધના સંગીત પરિવારના સુમધુર સંગીતના સથવારે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ઉપસ્થિત ગુરૂજનોનું શાલ ઓઢાડી સન્માન પણ કરવામાં આવેલ અને વિદ્યાર્થીઓ સહ પરિવાર ખુલ્લા મને સાહજિકતાથી સંગીતના સથવારે રાસ ગરબા પણ રમ્યા. આમ એકંદરે ખૂબ જ ઉત્સાહપૂર્ણ માહોલમાં ગુરૂકુળ ૧૯૯૮ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ઋષિત માયાણી આયોજિત કૃષ્ણ સુદામા મિલન કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. ફરી આવા જોમ જુસ્સા સાથે અન્ય કાર્યક્રમો યોજાશે એવી જાહેર મંચ પરથી પુનરોચ્ચાર કરવામાં આવેલ. આ તકે ભૂતપૂર્વ વિદ્યાર્થી મનીષભાઈ પાનસુરીયાએ આવા સુંદર આયોજન અને ભવિષ્યમાં પણ વધુ સહજરીતે બાળગોઠિયાઓ ભેગા મળીને કોઈ રચનાત્મક કાર્યો કરે તે ઉદ્દેશથી રૂપિયા પચ્ચીસ હજાર ભેટ તરીકે અર્પણ કરેલ. અત્રે આ કૃષ્ણ સુદામા મિલન સમારોહમાં ગુરૂકુળ સાવરકુંડલાના ૧૯૯૮ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેમા ડોકટર્સ , એન્જિનિયર્સ, કેટરિંગ સાથે સંકળાયેલા, પ્રોફેસર્સ, આઈટી સેકટરના ટેકનોક્રેટ, મેનેજમેન્ટ ક્ષેત્રે આગળ પડતાં, રાજકીય સામાજિક ક્ષેત્રે આગળ પડતાં સરકારી અને કોર્પોરેટ ક્ષેત્રે ઉચ્ચ હોદ્દા ધરાવતાં, ઉદ્યોગ સાહસિકો તેમજ વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ એક જ સમયે એક જ સ્થળે સપરિવાર મળે એ પણ સંસ્મરણો વાગોળવા અને રચનાત્મક વિચારોનું આદાનપ્રદાન તથા ગુરૂજનનું માર્ગદર્શન અને આશીર્વાદ મેળવવા એકઠા થાય એ પણ આજના યુગની વિરલ ઘટના જ ગણાય જેનું શ્રેય ગુરૂકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી ઋષિત માયાણીને ફાળે જાય છે એ વાતની પણ અહીં જાહેરમાં નોંધ લેવાય હતી.

### સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીની રૂપાયતન સંસ્થાનાં પુર્વ વિદ્યાર્થીઓનું રપમી ડીસે.નાં રોજ સંમેલન

## આયોજન અર્થે મહત્વની બેઠક યોજાઈ



અમરેલી, તા.૨૦

તા.૧૮ નવેમ્બર–૨૦૨૩ ના રોજ સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન, અમરેલી સંચાલિત દીપક હાઈસ્કુલ, પી.એન.વોરા પ્રાથમિક શાળા, એન.ડી.સંઘવી રૂપાયતન પ્રાથમિક શાળા, ડી.કે. કામદાર રૂપાયતન પ્રાથમિક શાળા વગેરે સંસ્થાનાં તમામ વિભાગોનાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્નેહ મિલનનું તા.૨૫ મી ડિસેમ્બરનાં રોજ આયોજન થયેલ છે. આ આયોજનને સફળ બનાવવા અને તેમની રૂપરેખા નકકી કરવા માટે ઉપરોકત તમામ શાળાનાં સ્થાનિક ભૂતપુર્વ વિદ્યાર્થીઓની એક બેઠક તા.૧૮ નવેમ્બર–૨૦૨૩ ના રોજ દીપક હાઈસ્કુલ ખાતે યોજાઈ જેમાં ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા અને ઉત્સાહભેર ભાગ લીધો. તમામ વિદ્યાર્થીઓ એકબીજા સાથે એકબીજાનાં સુખ દુ:ખમાં કનેકટેડ રહે અને સંસ્થાનાં વિકાસમાં સતત સમર્પિત રહે તેવી શુભ ભાવનાથી કેટલાક સંકલ્પો લેવાયા, ભૂતપુર્વ વિદ્યાર્થીઓની બેઠકમાં નીચે મુજબની કેટલીક બાબતો નકકી થઈ.

ભુતપુર્વ વિદ્યાર્થીઓનું એક સ્નેહમિલન આગામી ૨૪/૧૨/૨૦૨૩ અથવા ૨૫/૧૨/૨૦૨૩ ના રોજ ગોઠવવાનું નકકી કરવામાં આવેલ. આ સંમેલનમાં મોટી સંખ્યામાં ભુતપુર્વ વિદ્યાર્થીઓ આવે તે માટે પ્રયત્નો કરવાનું નકકી કરવામાં આવેલ. આજ દિવસે શાળાનો વાર્ષિક ઉત્સવ રાખવાનું નકકી કરવામાં આવેલ અને આ વાર્ષિક ઉત્સવમાં ભુતપુર્વ વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કૃતિ કરવા ઈચ્છુક હોય તો શાળાને અગાઉ જાણ કરી ભાગ લઈ શકે છે. આ વાર્ષિક ઉત્સવ થીમ બેઈઝ રહેશે. વધુ માહિતી પ્રકાશભાઈ જોષી–૯૧૯૪૨૮૫૩૫૩૯૦ પાસેથી મેળવી શકાશે, ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ કોઈ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તો તેમને આ સ્નેહમિલન કાર્યક્રમમાં અભિવાદન કરવામાં આવશે. તેમણે તેમની માહિતી શાળાનાં પ્રિન્સિપાલ ડો.અમિતભાઈ ઉપાધ્યાયને ૯૪૨૭૭ ૪૪૪૯૫ પર જાણ કરવાની રહેશ. આગામી સ્નેહમિલન માટે ભૂતપુર્વ વિદ્યાર્થીઓ યજમાન બની સહભાગી બને તે હેતુથી જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવેલ જેમાં માહિતી પ્રચાર પ્રસાર સમિતિ, સ્વાગત સમિતિ, ભોજન સમિતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ બનેલી.લાભ પાંચમનાં પવિત્ર દિવસે યોજાયેલ આ બેઠકમાં મેનેજિંગ ટ્રસ્ટી રવજીભાઈ કાચાએ સૌને નૂતન વર્ષાભિનંદન પાઠવી માર્ગદર્શન આપેલ. ટ્રસ્ટીઓ રજનીભાઈ મહેતા, આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાય, પ્રકાશભાઈ જોશી, સલીમભાઈ કુરેશી, અસરફભાઈ પરમાર, પ્રવિણભાઈ સેંજુ, સંજયભાઈ માંગરોલીયા, વિશાલભાઈ પંડયા વગેરે શિક્ષક મિત્રોએ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે જેહેમત ઉઠાવેલ. એમ આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવે છે.

# જામનગર ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન




અમરેલી, તા. ૨૦

તા.૧૨/૧૧/૨૦૨૩ને રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન દિવ્યેશભાઈ અકબરી(૭૯–ધારાસભ્ય)નાં હસ્તે સરદાર પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક, જામનગર ખાતે સંપન્ન થયું. આ શુભ પ્રસંગે અનિરૂધ્ધસિંહ જાડેજા(પાર્લર ઓનર) ગોપાલભાઈ સોરઠીયા (કોર્પોરેટર), અરવિંદભાઈ સભાયા (કોર્પોરેટર), મેરામણભાઈ ભાટુ(ઘાજપ શહેર મહામંત્રી), સંદિપભાઈ સોરઠીયા તથા અર્કિતભાઈ(શીતલ આઈસ્ક્રીમ ડીસ્ટ્રીબ્યુટર) તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં. તેવું શીતલ કુલ પ્રોડકટ્સ લીમીટેડ અમરેલીનાં ફ્રેન્ચાઈઝી હેડ દિપકભાઈ આર. જોષીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### ક્ષત્રિય ધર્મનું પરપ્રાંતમાં પાલન કર્યું


# સા.કુંડલાનાં ખુમાણ પરિવારે જમ્મુનાં કટરામાં તફડંચી કરનાર શખ્સને ઝડપી પોલીસને સોંપી દીધો

## યાત્રાળુઓનાં માલસામાનની ઉઠાંતરી કરનાર ઝડપાયો

સાવરકુંડલા, તા. ૨૦

જમ્મુના કટરામા વૈષ્ણોદેવી મંદિર જવાના માર્ગમાં બાર્થીંગ ઘાટ આવેલ છે. આ સ્નાનઘાટમાં હિંદુ ધર્મમાં અતિ પવિત્ર ગણાતી બાણગંગા નદી જે વૈષ્ણોદેવી મંદિરની પર્વતમાળામાંથી નીકળે છે તે આ જગ્યા છે, એટલે હજારો યાત્રાળુઓ અહી સ્નાન કરવામાં પૂણ્ય માને છે.

આ બાથિંગ ઘાટમાં આજે બપોરના સમયગાળામાં લૂંટફાટની એક ઘટના બની.યુ.પી. નો એક શખ્સ, યાત્રાળુઓએ સ્નાન કરતી વખતે ઘાટ ઉપર રાખેલ સામાનમાં રહેલ કિંમતી વસ્તુઓ મોબાઈલ,રોકડ રકમ,દાગીના વગેરે ઝૂંટવીને ભાગતા, દેકારો મચતા ત્યાં બહાર જવાના મુખ્ય ગેટ ઉપર



કુંડલાથી કટરા વૈષ્ણોદેવી જવા નીકળેલા પ્રતાપભાઈ ખુમાણ, તેમના સન પ્રદ્યુમ્નસિહ, ભત્રીજા ભગીરથસિંહ, હરપાલસિંહ વગેરે એ આ વિજયરાજ નામના ઉતરપ્રદેશના ગઠીયાને પકડી લીધો હતો. તેના થેલામાંથી યાત્રાળુઓની ઉઠાવેલ તમામ રોકડ સહીત તમામ માલ મતા જે યાત્રાળુઓની હતી, તેમને પરત અપાવી હતી. તેવામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ એ ઘેરી લઈને જેમ ફાવે તેમ ઢીકા પાટુ, લાતો, લાકડીઓથી મુંઢ માર મારવાનું ચાલુ કરતા, આ તસ્કર નો જીવ જોખમમાં મુકાય ગયો હતો.

આથી આ કુંડલા ખુમાણ કાઠી દરબાર પરિવારે તસ્કરને પણ આ ટોળાથી બચાવી લઈને સ્થાનીક કટરા પોલીસને સોંપ્યો હતો. પોલીસે કડક પૂછપરછ કરતા જાણવા મળ્યા મુજબ આ લગભગ ૨૦ ગઠીયાઓની આખી ગેંગ ઉતરી પડી હતી.

પોલીસે સાંજ સુધીમાં તમામને ઝડપી લીધા હતા. આમ પરપ્રાંતમાં પણ આ ક્ષત્રીય પરિવારે ક્ષાત્ર ધર્મનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

### પૂ. પુરૂષોતમલાલજી મહારાજનાં જન્મદિને

# ચલાલા ખાતે દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

## મોટી સંખ્યામાં વૈષ્ણવોએ રકતદાન કર્યુ

ચલાલા, તા.૨૦

શ્રી દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ ચલાલા અને સુમિત ફાઉન્ડેશન દ્વારા આજે સવારે પટેલવાડીમાં ૧૦૮ શ્રી દ્વારકેશ મહારાજની વિશેષ ઉપસ્થિતીમાં ૧૦૮ શ્રી પુરૂષોતમ લાલજી મહારાજ (રાજુબાવા)ના ૪૭માં જન્મદિન નિમિતે બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૮ પુ.શ્રી દ્વારકાદેશમહારાજ ખાસ ઉપસ્થિત રહી તમામ બ્લડ ડોનરોને વચનિવૃત દ્વારા રૂડા આશિર્વાદ પાઠવી પોતાની પ્રસન્તા વ્યકત કરી હતી. આ બ્લડડોનેશન કેમ્પમાં ૫૭ ભાઈઓ તથા બહેનો દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં અમરેલી રેડક્રોસ બ્લડ બેંન્ક ટીમે સુંદર સેવા આપી હતી. તેમજ રકતદાતાઓને શ્રી દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ, રેડક્રોસ બ્લડ બેંકો, એચ.ડી.એફ.સી. બેંક, દ્વારા ગીફટ, અને સર્ટીપેકેટ આપી રકતદાતાઓને પ્રોત્સાહીત કરી તેઓનું અભિવાદન કરવામાં આવેલ રકતદાતા



માટે ચા, કોફી અને અલ્પાહારની વ્યવસ્થા શ્રી દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ ચલાલાએ કરેલ હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ, સુમિત ફાઉન્ડેશન, ચલાલાના તમામ ટ્રસ્ટી અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ આ બ્લડ ડોનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં ચલાલા વૈ/ણવ સમાજ ઉપસ્થિત રહેલ.

### સુમન સેવા ટ્રસ્ટ દ્વારા

# અમરેલીમાં ૧૦ ડીસે.નાં રોજ સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ યોજાશે

## અનાથ દીકરી વિનામૂલ્યે જોડાઈ શકશે

અમરેલી, તા.૨૦

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સર્વજ્ઞાતિ સમાજનો ૩૧ મો સમુહલગ્ન સુમન સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા આયોજન તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે.

માતા–પિતાની છત્રછાયા ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક–યુવતીઓનો યોજનામાં તથા બાર હજાર તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાં આવશે.

લગ્ન નોંધણી વહેલા તે પહેલા કરવામાં આવશે. નીચે સરનામે મંડળ પ્રમુખ રમેશભાઈ એસ.ગોહિલ શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ, અંદર 'હરીરામ' હોલસેલ માર્કેટ, દુ.નં.૧૩, પહેલો માળે, અમરેલી ૯૩૭૪૭ ૩૪૮૨૦ તેમજ પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭, સવજીભાઈ ડી. ડાભી અમરેલી ૯૯૨૪૪ ૧૩૯૨૫ ઉપર સંપર્ક કરવા વિનંતી.

### ભારતજન વિજ્ઞાન જાથાએ માંગ કરી

# વર્લ્ડકપ ભારત જીતશે તેવી આગાહી કરનારા જયોતીષીઓએ માફી માંગવી જોઈએ

## ખોટી આગાહી કરનારાનાં ઘરે સુત્રોચ્ચાર કરાશે

અમદાવાદ, તા.૨૦

આતર રાષ્ટ્રીય રમત ગમત, ક્રિકેટ, ખેલકુદ ક્ષેત્રે ખેલાડીઓ પોતાની રમતમાં સંર્વાગી સજજ હોવા જોઈએ, જીતનો આધાર ખેલાડીઓના કૌશલ્ય ઉપર હોય છે. ત્યારે વર્લ્ડ કપમાં ભારતની જીત થાય તે માટે દેશભરમાં હોમ, હવન, પ્રાર્થના, પુજા–પાઠ, નમાજ, બદગી, બાધા–ટેક, જપ–તપ વિગેરે ધાર્મીક ક્રિયાકાંડોનો સંપુર્ણ રકાસ થઈ જતા ઓસ્ટ્રેલીયાએ વર્લ્ડકપ જીતીને પથદર્શક સાબીત થયા છે. ખોટી પડેલી આગાહીઓ અને આગાહીકારને ઘરે સુત્રોચ્ચાર, ધરણાનો કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમ કરીને આગાહીઓ બધ કરવા ચેતવણી આપશે.

જાથાનાં રાજય ચેરમેન એડવોકેટ જયત પંડયાએ જણાવ્યું કે ભારતની ક્રિકેટ ટીમને વધારે પડતો આત્મવિશ્વાસ ફાયનલમાં ભારે પડયો છે. કરોડો લોકોને નિરાશા આપવામાં ક્રિકેટ ટીમ સાથે આગાહીકારો અને ધાર્મીક ક્રિયાકાંડોનાં ઉન્માદના કારણે થયો છે.

રમત–ગમત, ક્રિકેટમાં જયોતિષીઓનાં લેવાદેવા નથી. ખેલાડીઓને અવળે માર્ગે વાળવાનો



નિમ્ન પ્રયાસને જાથા વખોડે છે. ખેલાડીઓને લાખો–કરોડો રૂપિયા મેળવે છે. તેના માટે ઉત્કૃષ્ક દેખાવ કરવો જોઈએ, ફાઈનલ મેચમાં ભારતનો દેખાવ રણજીટ્રોફી જેવો પણ જોવા ન મળ્યો તેથી આત્મમંથન કરવાની જરૂર છે. વર્લ્ડકપ ભારતને જ મળે તે માટે સૌ અક છીએ, પરંતુ પ્રાર્થનાઓ, પુજા–પાઠ કરવી તે ૨૧ મી સદીમાં યોગ્ય છે. ? માનસીકતા બદલવી પડશે.

ખેલાડીઓને પોતાની રમત–કૌશલ્ય ઉપર ભરોષો હોવો જોઈએ, જે ઓસ્ટ્રેલીયાનાં કેપ્ટને સાબીત કરી આપ્યુ તેમાંથી શીખ લેવી જોઈએ, ફાઈનલમાં નિમ્ન સ્થરના દેખાવ કરનારા ખેલાડીઓની હકાલપટ્ટી થવી જોઈએ તેવી જાથા અપેક્ષા રાખે છે.

કરોડો રૂપિયા પ્રાપ્ત કરનારાની જવાબદારી વધી જાય છે.

વધુમાં જાથાનાં પડયા જણાવે છે કે રાજયવ્યાપી મીટીંગમાં ખોટા પડેલા આગાહીકારોનાં ઘરે આંદોલન કાર્યક્રમ નકકી કરવામાં આવશે. આગાહી ખોટી પડી તેનાં કારણો આપી માફી માંગવી જોઈએ. ભવિષ્યમાં આગાહી રમત ગમત ક્ષેત્રે કરશે નહી તેવી જાહેરાત આવકાર્ય છે. વિશ્વનાં વૈજ્ઞાનિકોએ જયોતિષીને કપોળકલ્પિત જાહેર કર્યુ છે. જયોતિષમાં જે ગ્રહો નથી તેના ફળકથનો કરવામાં આવે છે.

વિજ્ઞાને શોધેલા ગ્રહો કુંડળીમા ફીટ કરેલા છે. જયોતિષ ચોપડીમાં આવા ગ્રહોનો સમાવેશ નથી. તારા–ઉપગ્રહોને ગ્રહ બતાવી હાથમાં નગની વીટીઓ – હોમ હવન, જપ કરવા તે એક પ્રકારની છેતરપીડી છે. વર્લ્ડકપ જીત માટેનાં તમામ ધાર્મીક ક્રિયાકાંડો બકવાશ સાબીત થયા છે.

અતમાં ખોટા પડેલા જયોતિષીનાં ઘરે સુત્રોચ્ચાર ધરણા કાયદાની મજુરી મેળવીને કરવામાં આવશે. ભવિષ્યમાં રમત ગમત ક્ષેત્રે જયોતિષીઓ ટાગ અડાડે નહી તેવી આલબલ ચેતવણી જાથા આપે છે. આદોલન કાર્યક્રમ પહેલા માફી માંગી લેવા જાથાએ અપીલ કરી છે.

# અમરેલી : રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા રમેશ પારેખ એવોર્ડનો શુભારંભ

## કવિશ્રી સંજુ વાળાને અપાશે 'કવિવર રમેશ પારેખ એવોર્ડ'

અમરેલી, તા.૨૦

ચીંધ આખું વિશ્વ તું એને રમેશ,
જેને સરનામું ર.પા.નું જોઈએ.
– રમેશ પારેખ

વિશ્વ આખું જેનું સરનામું છે એવા મોટા કવિ રમેશ પારેખના ગામ અમરેલીમાં સ્થપાયેલ'રમેશ પારેખ સાહિત્ય વર્તુળ' દ્વારા આગામી ૨૭ મી નવેમ્બર, રમેશ પારેખના જન્મદિને 'કવિવર રમેશ પારેખ એવોર્ડ' આપવાનો શુભારંભ થઈ રહયો છે. 'નાથીમા અને હરિબાપા પરમારની સ્મૃતિમાં' રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા પ્રતિવર્ષ સવપ્શીલ કાવ્યસર્જન માટે ગુજરાતી ભાષાના કોઈ એક કવિને આ એવોર્ડ આપવામાં આવશે. જે



અંતર્ગત વર્ષ ૨૦૨૩ નો પ્રથમ એવોર્ડ જાણીતા કવિશ્રી સંજુ વાળાને આપવામાં આવી રહયો છે.

### વર્લ્ડ કપ વિનર ટીમના કેપ્ટન રિવરફ્રન્ટ પર પહોંચ્યા

# ક્રુઝ પર ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટનનું ટ્રોફી સાથે ફોટોશૂટ

અમદાવાદ, તા.૨૦ ઓસ્ટ્રેલિયાએ વર્લ્ડ કપ ૨૦૨૩નો ખિતાબ જીતી લીધો છે. ફાઈનલમાં કાંગારૂ ટીમે ભારતને ૬ વિકેટે હરાવ્યું હતું. ટ્રેવિસ હેડે ઝડપી સદી ફટકારી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં ભારતીય ટીમ પ્રથમ રમતા ૨૪૦ રન જ બનાવી શકી હતી. વિરાટ કોહલી અને કેએલ રાહુલે અડધી સદી ફટકારી હતી. જ્યાં ઈન્ડિયન ટીમ જીતના જશ્નના ખ્વાબ જોઈ રહી હતી, ત્યાં હાલ ઓસ્ટ્રેલિયાની ટીમ અમદાવાદમાં જશ્નનો સ્વાદ માણી રહી છે. આયોજન મુજબ, વર્લ્ડ કપ વિનર ટીમના કેપ્ટન સાબરમતી રિવરફ્રન્ટ પર પહોંચ્યા હતા. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ સાબરમતી ક્રુઝ પર ટ્રોફી સાથે ફોટોસેશન કર્યુ હતું. ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમના કેપ્ટન ઈનામી ટ્રોફી લઈને રિવરફ્રન્ટ પહોંચ્યા હતા. રિવરફ્રન્ટ ખાતે ક્રૂઝ પર ફોટો શૂટ કરાવ્યું હતું. આ કારણે મુલાકાતીઓ માટે અટલ બ્રિજ અને લોઅર પ્રોમિનાડ બંધ રખાયો હતો. રિવર ક્રુઝ પર લગભગ એક કલાક સુધી તેમનું ફોટોસેશન ચાલ્યું હતું. જેનો વીડિયો સામે આવ્યો છે. ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સને ક્રુઝ જોઈને સિડનીની યાદ આવી ગઈ હતી.



પૂ. જલારામ બાપાના ચરણોમાં કોટિ-કોટિ વંદન...

સંત શિરોમણી
પૂ. જલારામ બાપાને
૨૨૪મી જન્મજયંતિ
નિમિતે તેમના ચરણોમાં
અમારા કોટિ કોટિ વંદન...



: વંદનકર્તા :
સમસ્ત લોહાણા પરિવાર બગસરા
લોહાણા મહાજન બગસરા
જલીયાણ યુવા સંગઠન બગસરા

શ્રદ્ધાંજલિ



સ્વ. પિયુષભાઇ દિનકરભાઇ ત્રિવેદી
સ્વ.તા. ૧૨-૧૧-૨૦૨૩ (ઉ.વ.૪૪)
તમારૂ જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા.
અમો તમારા સરળ જીવન દયાળુ સ્વભાવ ભાવનાશીલતા ને કયારેય નહી
ભૂલીએ ભગવાન તમારા પવિત્ર આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...
લી.
આદર્શ શરાફી સહકારી મંડળી લી.
ચેરમેનશ્રી તથા મંત્રીશ્રી તથા
ડિરેકટરશ્રીઓ, કર્મચારીગણ
: બગસરા :

શ્રદ્ધાંજલિ

માનવીની જીંદગી ચાલી જાય
પણ ગુણોની ગરીમા રહી જાય છે,
શિલાલેખ કદાચ ભુંસાઈ જાય
પણ સ્મરણો અંતરમાં
કોતરાઈ જાય છે.
ઈશ્વર આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...



સ્વ. પિયુષભાઈ દિનકરભાઈ ત્રિવેદી
સ્વ.તા. ૧૨-૧૧-૨૦૨૩ (ઉ.વ.૪૪)
લી.
શ્રી સહયોગ ક્રેડીટ સોસાયટી બગસરા
બોર્ડ ઓફ ડિરેકટર્સ એન્ડ કર્મચારી ગણ....
: બગસરા :

## ભેળસેળ, બનાવટી અને મિલાવટી કારોબારને નાથવો જરૂરી

# યુવાનોમાં વધતા હાર્ટ એટેકથી ચિંતાનો માહોલ

**બનાવટી દૂધ, ઘી, માખણ, પનીર તેમજ ખુલ્લેઆમ થતું તમાકુનું વેચાણ પણ બંધ કરાવવું જરૂરી બન્યું**

**ફૂડ અને આરોગ્ય વિભાગે યુધ્ધનાં ધોરણે બનાવટ અને મિલાવટ ખોર વિરૂધ્ધ કાર્યવાહી કરવી જરૂરી**

**સરકારે કોઈની પણ શેહશરમ રાખ્યા વગર યુવાનોનાં અકાળે થતાં મોતને અટકાવવા કામગીરી કરવી જોઈએ**

**અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને યુવાનોને બચાવી લેવા અનુરોધ કર્યો**

અમરેલી, તા. ૨૦

અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં યુવાન વયે તેમજ બાળકોને કોરોનાનાં કારણે હાર્ટ એટેકનું પ્રમાણ વધ્યું છે. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા નાની વયનાં વિદ્યાર્થીઓ તેમજ યુવાનોને દિન-પ્રતિદિન હાર્ટ એટેક આવી રહ્યા છે. તજજ્ઞો ડબલ્યુએચઓ તેમજ એમડી ડોકટર તરફથી જે લેખ પ્રસિધ્ધ થઈ રહ્યા છે તેમાં જુદા-જુદા મંતવ્યો આવી રહ્યા છે. તાજેતરમાં જાહેર સ્થળ ઉપર સરકાર તરફથી કોરોનાગ્રસ્ત વ્યકિતએ વધારે પડતો શ્રમ ન કરવો તેવા સાઈનબોર્ડ પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યા છે તેવા એક સમાચાર પ્રસિધ્ધ થયા છે. હાલ જે નકલી ખાદ્ય પદાર્થ વધ્યા છે ગમે તેવા તેલમાં તળીને પેકેટ બનાવીને ગલી-ગલીએ વેચાણ થઈ રહ્યા છે. ડુપ્લીકેટ તમાકુનાં કારણે યુવાનોમાં પાન-માવાનું વ્યસન વધ્યું છે તે કારણે પણ હોઈ શકે અને આવા કારણોસર યુવાધન બરબાદ થઈ રહ્યું છે. દૂધ, માવા ભેળસેળનાં કારણે મીઠાઈ ડુપ્લીકેટ બની રહી છે, ડુપ્લીકેટ ખાદ્ય ચીજ બની રહી છે તેમાં એસિડનો ઉપયોગ થઈ રહ્યો છે તે પણ એક કારણ હોઈ શકે તેવું આવા લેખ પ્રસિધ્ધ થયા છે તે તારણ આવી રહ્યું છે. સુરતમાં તાજેતરમાં શહેરી વિકાસ કમિશ્નર તરફથી જયા ત્યાં પાન-માવા ખાઈને થુકી રહ્યા છે તે સીસીટીવી કેમેરા મારફત કેચઅપ કરીને લોકોમાં અવેર થવા માટેનો જે પ્રયાસ કર્યા છે તે સરાહનીય છે. જુના શાસ્ત્રોનાં સિધ્ધાંત પ્રમાણે ભય બીન પ્રીત નહી તો આવી ગંદકી ફેલાવનાર પાન-મસાલાનાં ગલ્લા ઉપર ગુજરાતની પોલીસને સમયાંતરે દેખરેખ રાખીને સ્થાનિક નગરની સંસ્થાઓને તેમાં જોડીને કમસેકમ પંદર દિવસમાં એકવાર જયાં-જયાં ઉભી થયેલી પાન, બીડી, ચાની કેબીનો ઉપર પણ ડર ઉભો કરવો પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થતી જાય છે.

વધુમાં જણાવેલ છે કે, સ્વચ્છતા અભ્યાન માટે રાજકીય આગેવાનો જાહેર રસ્તામાં સફાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લામાં ઉઘાડપગા તબીબોની માયાજાળ

## સાવરકુંડલાનાં વીજપડીમાંથી ઉઘાડપગા તબીબને સ્પેશ્યલ ઓપરેશન ગૃપે ઝડપી લીધો

**મહુવાનાં તફઝુલ હુસેન વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ઉઘાડપગા ડોકટરોનો રાફડો ફાટયો હોય તેમ છાસવારે ડિગ્રી વગરના ડોકટરો ઝડપાઈ રહેલ છે. ત્યારે આવી

અનુસંધાન પાના ૬ ઉપર

### મહિલાએ આર્થિક ફાયદા માટે શરૂ કર્યા બાદ

## જાફરાબાદનાં ટીંબી ખાતે રહેણાંક મકાનમાંથી જુગારધામ ઝડપાયું

**૪ મહિલાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરાઈ**

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતી એક મહિલાએ પોતાના આર્થીક ફાયદા માટે અન્ય મહિલાઓને બહારથી બોલાવી પોતાના કબ્જા

અનુસંધાન પાના ૬ ઉપર






## કિતની ખૂબસુરત યે તસ્વીર હે, યે કશ્મીર હે



''અમરેલી એકસપ્રેસ''નાં પત્રકાર અને સાવરકુંડલા શિક્ષણવિદ પ્રતાપભાઈ ખુમાણે જમ્મુ-કશ્મીરનાં પ્રવાસ દરમિયાન સંધ્યા સમયે સૂર્યાસ્ત સમયની લાલીમાં કેમેરામાં કેદ કરી હતી.





















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)